સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૧/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર સુદ-૨ વર્ષ : ૧૬ અંક : ૨૮૮


**સુવિચાર**

''સ્વાદ છોડવાથી શરીર અને વિવાદ છોડવાથી સંબંધ સ્વચ્છ રહે છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭







## ઊંચે નીચે રાસ્તે ઔર મંઝિલ તેરી દૂર, રાહ મે રાહી રૂક નાં જાના હોકર કે મજબુર

# હાથસણીનાં ૫૦ બાળકો મહામુસીબતે પહોંચે છે શાળામાં

**સીમશાળામાં બાલવાટિકાથી લઈને ધો. ૭ સુધી બાળકોને અભ્યાસ કરાવવામાં આવે છે**

**શ્રમિક પરિવારોનાં બાળકોને શાળાએ જવામાં કાદવ-કીચડ, નદી, વોકળામાંથી પસાર થવું પડે છે**

**અંદાજિત ૩ થી ૪ કિ.મી.નું અંતર કાપીને બાળકો શાળાએ પહોંચવા મજબુર**

**જંગલ વિસ્તારમાં સંભળાતાં અવાજોથી ડરીને પણ બાળકો શાળાએ પહોંચે છે**



અમરેલી, તા. ૨૧

સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે ''રમશે ગુજરાત'', ''ભણશે ગુજરાત'', ''ખેલે ગુજરાત'' જેવા નવનવા સ્લોગન લોન્ચ કરવામાં આવે છે. પરંતુ અમરેલી જિલ્લાના સાવરકુંડલા નજીક આવેલી હાથસણી સીમશાળાના વિદ્યાર્થીઓ માટે આ સ્લોગન માત્ર કાગળ વચન જેવાં જ લાગે છે. કારણ કે અહીંના વિદ્યાર્થીઓ પાસે ભણવા જવા માટેનો સૌથી મોટો પ્રશ્ન ''સ્કૂલ પહોંચવા સુધીનો માર્ગ'' છે. આ પરિસ્થિતિ માત્ર તકલીફદાયક જ નહીં પણ જોખમી પણ છે.

હાથસણી સીમશાળા બાલ વાટિકાથી લઈને ધોરણ ૭ સુધીના બાળકોને શિક્ષણ આપે છે. લગભગ ૫૦ જેટલા વિદ્યાર્થીઓ હાથસણી અને આસપાસના વાડી વિસ્તારમાંથી અહીં ભણે છે. ગ્રામ્ય, વાડી વિસ્તારના ખેડૂતો-મજૂરોના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે હેતુસર સરકાર દ્વારા આ સીમશાળાઓ શરૂ કરવામાં આવી છે. પરંતુ અહીંના બાળકોને શાળાએ જવા માટે જે પરિસ્થિતિમાંથી પસાર થવું પડે છે તે જોઈને સરકારના વચન અને હકીકત વચ્ચેનું અંતર સ્પષ્ટ દેખાય છે.

શાળાએ જવા માટે બાળકોને ગંદા પાણી, કાદવ-કિચડ, ભેજ અને નદીના વોકળામાંથી પસાર થવું પડે છે. વરસાદી સિઝનમાં તો આ

અનુસંધાન પાના ૬ ઉપર

### બેન્ક કર્મચારી ઉપર હુમલો કરવાના ગુન્હામાં

# લીલીયા મોટાના ક્રાંકચ ગામે ત્રણેય આરોપીઓનું રીકન્સ્ટ્રકશન કરાયું

**ગામજનોના ટોળા દ્રશ્ય નિહાળવા એકત્ર થયા**



લીલીયા મોટા, તા. ૨૧

લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે મધ્ય સહકારી બેંકના કર્મચારી પર જીવલેણ હુમલો કરનાર ત્રણેય શખ્સોની ધરપકડ, પોલીસે કરી જાહેરમાં ઊઠક – બેઠક કરાવી કાયદાનું ભાન કરાવ્યું લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે થોડા દિવસો પહેલા એક મધ્ય સહકારી બેંકના કર્મચારી પર થયેલા હિચકારા હુમલાના બનાવમાં પોલીસે કડક કાર્યવાહી કરી છે. પોલીસે હુમલો કરનાર ત્રણેય આરોપીઓની ધરપકડ કરી, ઘટના સ્થળે લઈ જઈને તેમનું જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. ગત ૧૮ નવેમ્બરના રોજ સાંજે ૪ વાગ્યાના સુમારે ક્રાંકચ ગામે આચકચારી બનાવ બન્યો હતો.જેમાં બેંક કર્મચારી ગૌતમ વાળા પર ત્રણ શખ્સોએ લોખંડના પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા, જેમાં આરોપીઓ ગૌતમ વાળા પર આડેધડ ઘા ઝીંકતા નજરે પડયા હતા. આ ગંભીર હુમલામાં ભોગ બનનાર યુવકને હાથ અને પગના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી અને હાલ તેઓ અમરેલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.પી.આઈ એમ.ડી. સાળુંકે તેમજ લીલીયા પોલીસ ટીમની ત્વરિત કાર્યવાહી :

બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને ગણતરીના કલાકોમાં જ ત્રણેય આરોપીઓના નામ (૧) દેવકુંભાઈ વાળા, (૨) લઘુવીરભાઈ ગીડા, (૩) નાગરાજભાઈ વાળા હોવાનું જાણવા મળેલ તેમજ લીલીયા પોલીસે આરોપીઓ પાસેથી ગુનાના કામે ઉપયોગમાં લેવાયેલી વોકસવેગન કંપનીની વેન્ટો કાર પણ કબ્જે કરી છે અને સાથે સાથે ઘટના સ્થળે આ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં ચેરમેનની ઉપસ્થિતિમાં

# અમરેલીનાં શાસનાધિકારી દ્વારા નવા નિમાયેલા ગણિત વિજ્ઞાનની પ્રાથમિક શાળાનાં શિક્ષકને નિમણૂંક અપાય

**શિક્ષક કભી સામાન્ય નહી હોતા કહેવતને સાર્થક કરી : અનેક સંઘર્ષનાં અંતે શિક્ષક તરીકેની મંજીલ મેળવી**



અમરેલી, તા. ૨૧

રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને નાયબ શિક્ષણ નિયામક ગાંધીનગરની સુચના મુજબ ગત તા. ૨૦નાં રોજ અમરેલી ખાતે કન્યા શાળામાં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કચેરી ખાતે વિદ્યા સહાયક (ધો. ૬ થી ૮ ગણિત/વિજ્ઞાન) માં સ્થાન મેળવનાર એક માત્ર જિનલબેન એમ. રૂપારેલીયાને નિમણુંકપત્ર એનાયત કરવામાં આવેલ હતો.

આ વિદ્યાસહાયક ભરતી અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, અમરેલીનાં શાસનાધિકારી આશિષભાઈ જોષી, વાયસ ચેરમેન ડી.સી. ગોલના હસ્તે નિમણુંક પત્ર એનાયત કરેલ. આ તકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તેલીભાઈ, સંદિપભાઈ, સમિરભાઈ ઉપસ્થિત રહ્યા અને તમામ નિમણૂંક પામનાર વિદ્યા સહાયકોને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

વિદ્યા સહાયક તરીકે સ્થાન મેળવનાર જિનલબેન એમ. રૂપારેલીયાને અમરેલીની રોકડીયા હનુમાનપરા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન વિષયના વિદ્યા સહાયક તરીકે હાજર થતાં શાળા પરિવારમાં શાળાના આચાર્ય દિનેશભાઈ વ્યાસ સહિતનાં સ્ટાફ તથા બાળકો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.













# રાજયનાં ઉર્જામંત્રી કૌશિક વેકરિયાનું ઐતિહાસિક સન્માન કરવાની સાથે

# બાબરામાં આજે વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ

**સાંસદ સુતરીયા, ધારાસભ્ય કસવાલા, ભાજપ પ્રમુખ કાનાણી, મહામંત્રી ભૂપેન્દ્ર બસિયા સહિતનાં આગેવાનો જોડાશે**

**સમગ્ર તાલુકા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને આગેવાનો જોડાશે**

**ભાજપનાં કાર્યકર્તાઓ, જુદી–જુદી સેવાભાવી સંસ્થાઓ દ્વારા રાજયમંત્રીનું કરાશે સન્માન**

**સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, શહેર પ્રમુખ કિરીટભાઈની આગેવાનીમાં તૈયારીઓનો ધમધમાટ**








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૨

બાબરામાં તા. ૨૨/૧૧/૨૫ને શનિવારના રોજ રાજય સરકારના રાજયકક્ષાના ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને અને તેમના વરદહસ્તે વિવિધ વિકાસ કાર્યોનું ભૂમિપૂજન અને લોકાર્પણ યોજાશે તેમજ સાથે સાથે શહેર ભાજપનું સ્નેહમિલન અને કૌશિકભાઈ વેકરિયાનો સન્માન સમારંભનું પણ ભવ્ય આયોજન નગરપાલિકા અને શહેર ભાજપના સયુંકત ઉપક્રમે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા સહિત શહેર અને તાલુકા તેમજ જિલ્લા ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

શનિવારે બપોરના ૩:૩૦ કલાકે સમગ્ર કાર્યક્રમ યોજાશે જેમાં રાજય સરકાર દ્વારા રૂા. ૨.૬૦ કરોડના ખર્ચે તૈયાર કરેલ અત્યંત આધુનિક પાલિકા કચેરીનું લોકાર્પણ અને વોર્ડ વિસ્તારમાં રૂા. ૪ કરોડના રોડ રસ્તાઓનું ભૂમિપૂજન મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવશે અને ત્યારબાદ શહેર ભાજપનું સ્નેહમિલન યોજાશે અને રાજય સરકારમાં રાજયકક્ષાના મંત્રી બન્યા બાદ કૌશિકભાઈ વેકરિયા પ્રથમવાર બાબરા આવતા હોવાથી નગરપાલિકા ટિમ, શહેર અને તાલુકા ભાજપ પરિવાર, જિલ્લા પંચાયતના આ વિસ્તારના સભ્યો, સ્થાનિક યુવક મંડળ, સેવાકીય સંસ્થા, જિન એસોશિયન, દરેક સમાજના અગ્રણીઓ સમાજ વતી મંત્રી કૌશિકભાઈ વેકરિયાનું સન્માન કરશે.

આવતીકાલે શનિવારે ભવ્ય કાર્યક્રમ સફળ બને તે માટે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયાના માર્ગદર્શન હેઠળ ભારે જહેમત પાલિકા સભ્યો અને સંગઠનના કાર્યકર્તાઓ ઉઠાવી રહ્યા છે.

કાર્યક્રમ સ્થળની પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, પૂર્વ કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા, શહેર ભાજપ મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, પાલિકા સભ્ય શંભુભાઈ પાંચાણી સહિતના અગ્રણીઓ દ્વારા મુલાકાત કરી સભા સ્થળ, લોકાર્પણ સ્થળ, ભોજન સ્થળ વગેરેની મુલાકાત કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર અને શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા દ્વારા બાબરા શહેર અને તાલુકાની જનતા તેમજ કાર્યકર્તાઓને મોટી સંખ્યામાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

### જિલ્લાનાં પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં

## અમરેલી ખાતે જિલ્લાનાં અધિકારીઓની સંકલન બેઠક યોજાઈ : ઉર્જામંત્રી વેકરિયા પણ જોડાયા

**જિલ્લાનાં વિકાસ અંગે ગંભીરતાપૂર્વક ચર્ચાઓ કરાઈ**

અમરેલી, તા. ૨૧

અમરેલીમાં આજે રાજયના કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી અને ઊર્જામંત્રી કૌશિક વેકરીયા સવારે અમરેલી કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા, જયાં અમરેલીના અધિક કલેક્ટર અને જિલ્લા તંત્ર દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કચેરી ખાતે યોજાનારી જિલ્લા સંકલન બેઠકમાં ભાગ લેવા બંને મંત્રીઓ ખાસ હાજર રહ્યા હતા.





બેઠકના એજન્ડામાં મુખ્યત્વે ખેડૂતોના સહાય ફોર્મ, વાવાઝોડા–વરસાદમાં થયેલા નુકસાનની સહાય, વીજ પુરવઠાની સ્થિતિ, રોડ–રસ્તા વિકાસ તેમજ વિભાગવાર કામગીરીની સમીક્ષાનો સમાવેશ થાય છે. જિલ્લા કલેક્ટર સહિત જુદાજુદા વિભાગોના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા અને મંત્રીઓ સમક્ષ પ્રસ્તુતિ આપી.

કૃષિમંત્રી વાઘાણીએ મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું કે રાજય સરકારે ખેડૂતો માટે ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે અને કોઈ ખેડૂત અણન્યાય અનુભવશે નહીં. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે ''અમારા સમયમાં સહાય સીધી ખેડૂતોના ખાતામાં જમા થઈ જાય છે. કોંગ્રેસના સમયમાં જે વચેટિયા ખેડૂતનો હક લઈ જતા, તે પ્રથા હવે પૂર્ણવિરામ પામી છે.''

બેઠક દરમિયાન બંને મંત્રીઓએ રોડ અને ઈન્ફ્રાસ્ટ્રકચર સંબંધિત ચાલતા કાર્યોની પણ વિગતવાર સમીક્ષા કરી. નબળી કામગીરી, ધીમી ગતિ અથવા બેદરકારી બાબતે મંત્રીઓએ અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી. મંત્રીએ ચેતવણી આપી કે ગુણવત્તા વિહ્વના કામોને કોઈ રીતે સહન કરવામાં આવશે નહીં અને જે વિભાગો બેદરકારી દાખવશે તેમને સામે કાર્યવાહી અનિવાર્ય બનાવાશે.

બી.એલ.ઓ.ની આત્મ હત્યા મુદ્દે પૂછાયેલા પ્રશ્ન પર કૃષિમંત્રીએ જણાવ્યું કે સરકાર આ મામલે સંવેદનશીલ છે અને સત્ય બહાર આવે તે માટે જરૂરી તપાસ થશે. તેમણે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના SIR મુદ્દે કરાયેલા નિવેદનો પર પણ પ્રહારો કરતા કહ્યું કે પ્રજાને ગેરમાર્ગે દોરવાના રાજકારણને લોકો હવે સમજી ગયા છે અને સરકાર જમીન પર કામ કરે છે, કાગળ પર નહીં.

અમરેલી જિલ્લાના વિકાસ તેમજ ખેડૂતોની સુખાકારી માટે યોજાયેલી આ મહત્વપૂર્ણ સંકલન બેઠક સ્થાનિક સ્તરે અત્યંત મહત્વની માનવામાં આવે છે. મંત્રીઓએ વિાસ વ્યકત કર્યો કે આગામી સમયમાં જિલ્લાની તમામ કામગીરી વધુ ગતિશીલ અને પ્રજાલક્ષી બનશે.

## અમરેલી મેમણ જમાતમાં ચૂંટણી કરીને નવા ટ્રસ્ટીઓની નિમણૂંક કરવામાં આવી

અમરેલી, તા. ૨૧

અમરેલી મેમણ જમાત ટ્રસ્ટ બી – ૪ દ્વારા અમરેલીમાં ઘણા સમયથી ટ્રસ્ટીની જગ્યા ખાલી હોવાથી નવા ટ્રસ્ટીની ચુંટણી કરીને નિમણુંક કરવામાં આવી આજ દિન સુધી મેમણ સમાજમાં સિલેકશનથી ટ્રસ્ટીની નિમણુંક કરવામાં આવતી હતી જયારે પ્રથમ વખત ચુંટણી કરીને ટ્રસ્ટીની નિમણુંક કરવામાં આવી જે સમાજના લોકો આગેવાનો અને સમાજ દ્વારા યુવાનોને આગળ લાવવા યુવાનો અને સમાજના વડીલો સાથે મળ ીને સમાજના પ્રશ્નોનું નીરાકરણ લાવસે. અને આગામી દિવસોમાં મેમણ સમાજના સાથ અને સહકારથી સમાજના અનેક નવા કામો થશે જેમાં સમગ્ર ચુંટણી પ્રક્રિયા અમરેલી મેમણ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી યુનુસભાઈ દેરડીવાલા દ્વારા કરવામાં આવી હતી જે માંથી કુલ ૧૨ લોકોએ દાવેદારી કરવામાં આવી હતી જેમાંથી ૭ લોકોને સમાજના લોકો ચુંટણી દ્વારા સ્વીકારેલ હતા જેમાં અલ્તાફભાઈ તૈલી, એડવોકેટ અજીમ લાખાણી, અલ્તાફભાઈ કલીમલી, વહાબભાઈ ડાબાવાલા, અમીનભાઈ ગીગાણી, જુનેદભાઈ સાંઢા, એડવોકેટ ઈમરાન સખીને વિજેતા જાહેર કરેલ હતા.

આ તકે અમરેલી મેમણ સમાજની આમા સભા બોલાવીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરેલ હતી તેમજ અમરેલી મેમણ સમાજના વેપારી તેમજ આગેવાનો રફીકભાઈ ફૂલવાળા, ફારૂકભાઈ મુસાણી, બસીરભાઈ બાગવાલા, રાજુભાઈ મિલન, તનવીરભાઈ ગીગાણી, અમીનભાઈ નગરિયા, અસલમભાઈ સુરૈયા ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયકઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### મતયાદી વિશેષ સુધારણા અભિયાનમાં

## બાબરા ખાતે શહેર ભાજપનાં આગેવાનો બીએલઓની મદદમાં જોડાયા

**નાગરિકોનાં ફોર્મ ભરવામાં મદદરૂપ થયા**

બાબરા, તા. ૨૧

બાબરામાં મતદારયાદી વિશેષ સુધારણા અભિયાનમાં સ્થાનિક બી.એલ.ઓ. પૂર્ણ નિષ્ઠા સાથે આ રાષ્ટ્રીય કામગીરી કરી રહ્યા છે ત્યારે તેમની કામગીરીમાં થોડી હળવાશ રહે અને મતદારને વધુ સરળ પડે તે માટે બાબરા શહેર ભાજપના આગેવાનો આ કામગીરીમાં જોડાયા હતા.

(Special Intensive Revision-SIR) અંતર્ગત શહેરમાં આવેલ જુદા – જુદા વિસ્તારોમાં SIRની કાર્યપદ્ધતિ અને ફોર્મ ભરાવવાની કામગીરી કરીને લોકોને માહિતગાર કર્યા હતા.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપ ઉપપ્રમુખ પ્રતાપભાઈ ખાચર, નગરપાલિકા કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, પાલિકા સભ્ય આસિફ વાળા, ધર્મેશભાઈ વાવડીયા સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
(કામની જવાબદારી)
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
લાયકાત : B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No. (જો હોય તો)
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
MAHAJAN TELNET LLP.
95 86 86 86 45

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

Hero
A SMART FAMILY-FRIENDLY SCOOTER POWERED FOR A SMOOTH AND EFFICIENT RIDE.
ENGINE
TORQUE
KERB WEIGHT
BRAKES
DRUM




Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

## પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અમિત ચાવડાની આગેવાનીમાં

# જનતાનાં વિવિધ પ્રશ્નોને વાચા આપતી યાત્રાનો થયો પ્રારંભ

**જનઆક્રોશ યાત્રામાં ખેડૂતોનાં દેવા માફ કરવા, યુવાનોને રોજગારી આપવા, ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ કરીશુ તેવી ખાત્રી આપી**

**ગાંધીનાં ગુજરાતમાંથી ડ્રગ્ઝ અને દારૂનાં દુષણને નેસ્તનાબુદ કરવાનું પણ વચન આપવામાં આવ્યુ**

**કાળઝાળ મોંઘવારીને ઘટાડીને ગૃહિણીઓને રાહત આપવાનો વિશ્વાસ વ્યકત કરાયો**

**રાજયભરમાં જે કોઈએ ભ્રષ્ટાચાર કર્યો છે તે તમામને જેલભેગા કરવાનો રણટંકાર કરવામાં આવ્યો**



અમદાવાદ, તા. ૨૧

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી મુકુલ વાસનિકજીએ સંબોધનમાં જણાવ્યું કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલતી ભાજપ સરકારના શાસનમાં સામાન્ય લોકોના જીવનમાં ભય, અન્યાય અને તકલીફો વધી છે. રાજય આજે વિકાસના દાવાઓની પાછળ છુપાયેલા કડવા સત્યનો સામનો કરી રહ્યું છે. ગુજરાતની પ્રજાએ વિાસ અને આશાભેર સરકારને બહુમતી આપી હતી, પરંતુ આજે લોકો રોજગાર, ખેતી, શિક્ષણ, આરોગ્ય અને સલામતી જેવી મૂળભૂત જરૂરિયાતોથી વંચિત છે.

યુવાનો બેરોજગારીથી ત્રસ્ત છે, ખેડૂતો દેવામાં ડૂબ્યા છે, મહિલાઓની સુરક્ષા જોખમમાં છે અને નાના વેપારીઓ પરિસ્થિતિ સામે લડી રહ્યા છે. આ 'જન આક્રોશ યાત્રા' કોઈ રાજકીય લાભ માટેની યાત્રા નથી–આ ગુજરાતના લોકોના હક અને ન્યાય માટેની લડત છે. પ્રત્યેક નાગરિકનું દુ:ખ, પીડા, ફરિયાદ, આક્રોશ આ યાત્રામાં ઉઠાવાશે. આજે ગુજરાતના પ્રજાજનો સૌ એક જ અવાજ ઉઠાવી રહ્યો છે જે બદલાવ જરૂરી છે, આ યાત્રા પરિવર્તનની શરૂઆત છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જનસભાને સંબોધતા જણાવ્યું કે, ગુજરાતમાં છેલ્લા ત્રણ દાયકાથી ચાલી રહેલું ભાજપનું શાસન એ નીતિ અને રીતિ મુજબ પ્રજાને ગુલામ બનાવવા અને શોષણ કરવા સમાન છે. તેમણે આક્ષેપ કર્યો કે આજે ગુજરાતમાં 'ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર'નું નિર્માણ થયું છે, જયાં સરકારને બદલે અધિકારી રાજ પ્રવર્તે છે અને પ્રજાના સંવૈધાનિક અધિકારો છીનવાઈ રહ્યા છે.

રાજયના બજેટ અને કરોડો રૂપિયાના ટેકસના પૈસાનો ઉલ્લેખ કરીને સવાલ ઉઠાવ્યો કે આ પૈસાનો ઉપયોગ પ્રજા માટે થવાને બદલે માત્ર ઉત્સવો, તાયફાઓ અને ભ્રષ્ટાચાર પાછળ વેડફાય છે. તેમણે ખેડૂત વિરોધી નીતિ પર આક્રોશ વ્યકત કરતા જણાવ્યું કે આજે ગુજરાતનો ખેડૂત રૂા. ૫૬,૦૦૦ના દેવામાં ડૂબેલો છે અને વારંવારની આત્મહત્યાઓ છતાં સરકારનું પેટનું પાણી પણ હાલતું નથી, ખેડૂતોને રૂા. ૫૦,૦૦૦ની નુકસાની સામે માત્ર રૂા. ૩,૫૦૦નું વળતર આપીને રાહત પેકેજના નામે મશ્કરી કરવામાં એ આવી છે. તાજેતરમાં વાવ–થરાદમાં પુરની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું મોટાપાયે નુકસાન પણ થયું સીએ પણ આવ્યા હતા માત્ર જાહેરાતો કરી પણ આજદિન સુધી પુરા પૈસા ખેડૂતોને મળ્યા નથી. શિક્ષણ અને કાયદો–વ્યવસ્થા અંગે તેમણે જણાવ્યું કે શિક્ષણનું વ્યાપારીકરણ થતા ગરીબ પરિવારો માટે ભણતર મુશ્કેલ બન્યું છે, જયારે દારૂ, ડ્રગ્સ અને ગુંડાગીરીના કારણે કાયદો–વ્યવસ્થા કથળી ગઈ છે અને પોલીસ પણ જાણે હપ્તાખોરોની ગુલામ બની ગઈ છે. ગુજરાતના એક–એક ગુજરાતીના ટેકસના પરસેવાના પૈસાથી સરકારની તિજોરી ભરાય છે. એ પૈસાથી સરકારનું બજેટ બને છે. ગ્રામ પંચાયતથી લઈને રાજયની સરકાર હોય, દરેક સ્થાનિક સ્વરાજની સંસ્થા હોય, બધી જ જગ્યાએ જે બજેટ બને છે, પૈસા ગુજરાતીઓના ટેકસના પૈસા છે અને એ પૈસાનો ઉપયોગ જે થવો જોઈએ, એ લોકોની સુખાકારી માટે થવો જોઈએ, પારદર્શકતા સાથે વહીવટ થવો જોઈએ, મુઠ્ઠીભર લોકોને નહીં બધાને એનો લાભ મળવો જોઈએ. એનાથી ઊલટું થઈ રહ્યું છે આજે ગુજરાતમાં ત્રણ દાયકાના ભારતીય જનતા પાર્ટીના આ શાસનમાં ગુજરાતના તમામ વર્ગ, વિસ્તારના લોકો, સર્વ સમાજના લોકો આજે આર્થિક રીતે તકલીફમાં છે. અહીં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ લથડવાને કારણે સુરક્ષાના પ્રશ્નો ઊભા થયા છે, એમને આવનારૂં ભવિષ્ય માટે ચિંતા થઈ રહી છે. એવા સંજોગોમાં ગુજરાતનો ખેડૂત આજે આર્થિક રીતે પાયમાલ થયો છે, દેવાદાર થયો છે, આત્મહત્યા કરી રહ્યો છે. ગુજરાતનો યુવાન મોંઘું શિક્ષણ લીધા પછી રોજગાર માટે દર–દર ભટકી રહ્યો છે. સરકારમાં લાખો જગ્યાઓ ખાલી હોવા છતાં ફિકસ પગાર, કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગના નામે ગુજરાતના યુવાનોનું શોષણ થઈ રહ્યું છે.

ગુજરાતમાં આંગણવાડીની બહેનો હોય, આશા વર્કર બહેનો હોય, મધ્યાહન ભોજનના કર્મચારીઓ હોય, ગામના વીસીઈઓ હોય કે બધા જ લેવલે જે શોષણ થઈ રહ્યું છે એની સામે લોકો આક્રોશ વ્યકત કરી રહ્યા છે. કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગે છે. ખુલ્લેઆમ ગુંડાઓ, લુખ્ખાઓ, હથિયારો સાથે લોકોની જાહેરમાં હત્યાઓ કરે છે. બેન–દીકરીઓની સલામતી નથી રહી, દિવસે દિવસે બળાત્કારના બનાવો વધતા જાય છે. દારૂ–ડ્રગ્સની બદી એટલી હદે વધી રહી છે કે નાની ઉંમરે યુવાનો મોતને ભેટે છે, નાની ઉંમરે બેન–દીકરીઓ વિધવા થઈ રહી છે. ગામથી લઈને ગાંધીનગર સુધી ખુલ્લેઆમ હપ્તાને કારણે દારૂ વેચાઈ રહ્યો છે, એ યુવાધન બરબાદ થઈ રહ્યું છે. નાના વેપારીઓ જીએસટીની ઝંઝટમાં પરેશાન છે. આદિવાસી વિસ્તાર હોય કે અન્ય પછાત વિસ્તારો હોય, એના પ્રશ્નો કોઈ સાંભળવા વાળું નથી. ત્યારે સમાજના દરેક વર્ગના લોકો, એ યુવાનો હોય, મહિલા હોય, ખેડૂત હોય, વેપારી હોય કે સામાન્ય કોઈ નોકરિયાત વર્ગ હોય, એ બધાનો જે તકલીફ છે, પીડા છે, દર્દ છે, જે આક્રોશ છે, એને સાંભળવા વાળું આ સરકારમાં કોઈ નથી. ત્યારે ગુજરાતીઓના હક–અધિકારની લડાઈને બુલંદ કરવા માટે, એક–એક ગુજરાતીના જે પ્રશ્નો છે, જે ફરિયાદો છે, જે રજૂઆતો છે, જે આક્રોશ છે, એને વાચા આપવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જન આક્રોશ યાત્રાની શરૂઆત કરીએ છીએ. હું આ આખા ગુજરાતના તમામ લોકોને આહવાન કરૂં છું, આમંત્રણ આપું છું કે આ યાત્રા કોઈ આજે ચૂંટણી માટે કે મત લેવા માટે નહીં પણ ગુજરાતીઓના હક–અધિકારની લડાઈને બુલંદ કરવા માટે, એક–એક ગુજરાતની જે તકલીફ છે, પીડા છે, જે દર્દ છે, આક્રોશ છે, એને વાચા આપવા માટેની આ યાત્રા છે. ત્યારે આવો, સૌ સાથે મળીને આ યાત્રામાં જોડાઈએ અને ગુજરાતની પ્રજા જે ઝંખી રહી છે કે ગુજરાતમાં સામાન્ય લોકોની સરકાર આવે, જનતાની સરકાર આવે, તો એ સંજોગોમાં યાત્રાના માધ્યમથી પરિવર્તનનો શંખનાદ કરવા માટે હું સૌ ગુજરાતીઓને આમંત્રણ આપું છું

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જનસભા અને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચારના આંકડા રજૂ કરતા જણાવ્યું કે મનરેગા કૌભાંડમાં મંત્રી પુત્રને પડતા મૂકવાનું પગલું માત્ર ભ્રષ્ટાચાર પર ઢ ઼ંકપિછોડો કરવાનો પ્રયાસ છે, કારણ કે દાહોદ જિલ્લાના ૮૦ ગામડામાં જ રૂા. ૪૩૪ કરોડનો ભ્રષ્ટાચાર થયો હોવા છતાં કોઈ તપાસ કરવામાં આવી નથી. તેમણે નલ સે જલ યોજનામાં પણ મોટા કૌભાંડનો આક્ષેપ કર્યો કે નળ લાગી ગયા છે, પરંતુ પાણી નથી.

શિક્ષણ અને બેરોજગારીની વાસ્તવિકતા દર્શાવતા જણાવ્યું કે ૫,૬૪૬ શાળાઓમાં મેદાન નથી, ૪૦,૦૦૦થી વધુ શિક્ષકોની ઘટ છે, અને કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ આદિવાસી વિસ્તારના ૩.૨૧ લાખ બાળકો કુપોષિત છે.

કોંગ્રેસે જંગલ જમીનનો અધિકાર આપ્યા પછી પણ માત્ર ૫૦% આદિવાસીઓને જંગલની જમીન મળી છે અને આદિવાસીઓના પ્રશ્નો પર ભાર મુકતા સ્પષ્ટ કર્યું હતું કે આદિવાસીઓના પ્રશ્નો હજી હલ થયા નથી અને આ લડત ચાલુ જ રહેશે. ગુજરાતની વસ્તી આપણે ૬ કરોડની ગણીએ તો એમાંથી ૩ કરોડ ૬૫ લાખ લોકો મફત અનાજ પર નિર્ભર છે. આ ગુજરાતની વાસ્તવિકતા છે.

સાંસદ ગેનીબેન ઠાકોરે સંબોધન કરતાં જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના લોકો લાંબા સમયથી મુશ્કેલીઓ અને અપમાન સહન કરી રહ્યા છે. પાક બરબાદ થાય, દુષ્કાળ આવે, વધુ વરસાદ પડે, તો ખેડૂતોને ન્યાયથી વળતર નથી મળતું. યુવાનો રોજગાર માટે ભટકાઈ રહ્યા છે અને મહિલાઓની સુરક્ષાના પ્રશ્નો ઊંડા છે.

આ વિસ્તારના પ્રશ્નોને સાંભળવા વાળું કોઈ નથી, અને એ કારણે આજે લોકોમાં ભારે આક્રોશ છે. આ 'જન આક્રોશ યાત્રા' એ આ અવાજને ઊંચો કરવાની, ન્યાયની માગને મજબૂત કરવાની અને શોષણનો અંત લાવવાની યાત્રા છે. જયારે પ્રજા ન્યાય માંગે છે ત્યારે સરકાર બહેરી બની જાય છે અને તેથી આજે અમારી ફરજ છે કે અમે પ્રજાના હક અને ગૌરવની રક્ષા કરીએ.

ઉપસ્થિત સર્વે કોંગ્રેસના આગેવાનોએ સંકલ્પ વ્યકત કર્યો કે આ 'જન આક્રોશ યાત્રા' દરમિયાન ખેડૂતો, યુવાનો, મહિલાઓ, નાના વેપારીઓ સહિત તમામ વર્ગના લોકોના પ્રશ્નોને ઉજાગર કરવામાં આવશે અને ૨૦૨૭માં ગુજરાતમાં પ્રજાના હિતમાં પરિવર્તન લાવવા માટે પરિણામલક્ષી લડત લડવામાં આવશે.

ગુજરાતની જનતાને આહ્વાન કરતાં કહ્યું, આ યાત્રા ફકત રાજકીય પ્રચાર નથી, પરંતુ તમારા પ્રશ્નોને સરકારના બહેરા કાન સુધી પહોંચાડવા માટેનો સંઘર્ષ છે. આ યાત્રા દરમિયાન અમે ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને દરેક શોષિત વર્ગ સાથે સીધો સંવાદ કરીશું, તેમને 'જનમંચ' આપીશું અને તેમના આક્રોશને બુલંદી આપીશું.

જો તમારા પ્રશ્નો વણઉકેલ્યા હોય, તમને અન્યાય થયો હોય, અથવા તમે ભ્રષ્ટાચારથી ત્રસ્ત હો, તો આ 'જન આક્રોશ યાત્રા'માં જોડાઈને તમારો અવાજ સરકાર સામે બુલંદ કરો. કોંગ્રેસ આ લડાઈને પરિણામલક્ષી બનાવીને ૨૦૨૭માં ગુજરાતમાં પરિવર્તન લાવીને જ રહેશે.

૧૧૦૦ કિલોમીટર ચાલનારી પ્રથમ ચરણની જન આક્રોશ યાત્રાની થરાદ, ઢીમા ખાતેથી શરૂઆતમાં બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને પૂર્વ ધારાસભ્ય ગુલાબસિંહ રાજપુત, ધારાસભ્ય જીજ્ઞેશભાઈ મેવાણી, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, બળદેવજી ઠાકોર, ભરતજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં જિલ્લા–તાલુકા પ્રમુખો, જિલ્લા પંચાયતના અને તાલુકા પંચાયતના સદસ્યો, મહિલા કોંગ્રેસ, યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ., સેવાદળ, સોશિયલ મીડિયા સહિતના સર્વે સેલ ડિપાર્ટમેન્ટના આગેવાનો અને કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજર રહીને જન આક્રોશ યાત્રામાં ભાગ લીધો હતો.


HONDA સ્ટાફ જોઈએ છે
The Power of dreams સપનાઓ થશે સાકાર...
(૧) વોશીંગ બોય..........03
(૨) હેલ્પર..........03
(૨) મિકેનિક..........03
રસ ધરાવતા વ્યકિતઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ,
અમરેલી, Mo. 8200500295, 8000230447
રીઝયુમ parikhautomobilesamreli@gmail.com ઉપર મોકલશો



શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો



ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilonidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી
ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪





YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058*
INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZS-Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪





MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999



જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
એકાઉન્ટન્ટ..૨
કમ્પ્યુટર ઓપરેટર..૩
હેલ્પર.........૩
માત્ર અનુભવી સંપર્ક કરે
મનહર હોન્ડા
રાજકોટ – ભાવનગર રોડ, માર્કેટીગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

# માનવસર્જિત AI એટલે ભસ્માસુર

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

આજકાલ AI ભસ્માસુરે આતંક મચાવેલ છે આપણે એટલે કે જગત એને પરિવર્તન માને છે બે શક પરિવર્તન છે જ સંશોધન છે જ. પણ જાપાનનો જે બોમ્બે વિનાશ સર્જ્યો તે બોમ્બ અણુબોમ્બ બનાવનારને ખબર નહોતી કે એના આવિસ્કારનો આવા વિનાશ માટે ઉપયોગ થશે. આ AI સંશોધકો પર આજે ધ્વને ખુણે માછલા ધોવાય છે. રોજબરોજના એના વિશે લોકોને જાગૃત થવા કહેવામાં આવી રહ્યું છે. AI વીશે આપણે સૌ ભવીભાંતી જાણીએ છીએ. એટલે એના વિશે વાત ન કરવા ભસ્માસુરની વાત પર ધ્યાન દઈએ.

આપણા ગુજરાતના ને ભાવનગરના સુવિખ્યાત ઘર શાળાના હાલ વ્યવસ્થાપક પ્રમુખ છે વિચારશીલ ચિંતક છે. સંશોધક છે. તો આને AI વિશેના એમના વિચારો વાંચીએ સમજીએ.

કહેવાય છે તો પ્રજાનો પ્રેમ પરંતુ ચૂંટણીના મેદાનમાં ઊતરનાર પ્રત્યેક ઉમેદવાર વેઠી જાણે છે કે મત મેળવવા રૂપિયાનું રોકાણ તો કરવું પડે છે. વિના ૫૬ લોકશાહી દેશોના ૭૨ઉથી વધુ રાષ્ટ્રીય પક્ષો દેશના બંધારણ અનુસાર ૩–૫ વરસે આવતી ચૂંટણીમાં મતદારદીઠ સરેરાશ ૧.૩ ડાલરનો ખર્ચ કરે છે. સમાજવાદી સમાજરચનાના નામે પ્રજા પાસેથી ટક્ષ વસૂલ કરી વિકાસકાર્યો કરનાર પક્ષો અને તેના જન–પ્રતિનિધિમાં સેવાભાવ હોય ન હોય પરંતુ નાગરિક સુવિધાઓ વધારવાની પરંપરાથી વિજેતા ઉમેદવારોની નિજી સંપત્તિમાં ક્રમશ વધારો થતો જ રહે છે, જે ભારતનાં લોકતંત્રમાં બીજી ટર્મ માટે ચૂંટણી લડતા પ્રત્યેક ઉમેદવારના ડિક્લેરેશન ફોર્મથી પણ જોઈ શકાય છે.

લોકશાહીની આડમાં પ્રજાનાં પ્રતિનિધિ આપી શકતા રાજકીય પક્ષો માટે સત્તા એ આખરી માપદંડ હોઈ ચૂંટણીનાં મેનિફેસ્ટો અને સભાઓમાં ભરપેટ રેવડીની લહાણી થતી રહે છે. દેશની આર્થિક સ્થિતિ, દેશનાં સંસાધનો, ઉત્પાદન–પ્રક્રિયા સાથે જોડાયેલ સર્જકોની ક્ષમતા પ્રકારે જમીની હકીકતો એક તરફ રાખી રાજકીય પક્ષો મતદારો માટે આરામપ્રિય લાભ્મો ખોલી આપે છે, જે ભારત, અમેરિકા અને બ્રિટન સહિત અન્ય લોકશાહી રાષ્ટ્રોની ચૂંટણીમાં પણ જોઈ શકાય છે. સરવાળે બંધારણની જોગવાઈ અનુસાર પુખ્ત વયનાં નાગરિકોનો મત ખરીદી શકતા ઉમેદવારો જીતે છે, હારે પણ છે, પરંતુ ચૂંટણીની સામાજિક અસર કાયમી રીતે રહી જાય છે.

ચૂંટણીમાં જાહેર કરાયેલ લાભ્મોઅને તેની સમાજજીવન ઉપરની અસરનું મૂલ્યાંકન કરતી જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીનાં પોલિટીકલ સાયન્સની એક અભ્યાસ નોંધમાં જણાય છે કે છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતમાં ઉચ્ચતર શિક્ષણ લેનાર યુવકોની સંખ્યામાં ૧૧% ઘટાડો થયો છે. છેલ્લાં ૧૦ વર્ષમાં બેરોજગાર યુવકોની સંખ્યામાં ૧૬% વધારો થયો છે. લગ્ન કરી સહજીવન નિભાવના સ્થાને લીવ–ઈન રિલેશન તરફ ઢળતી નવી પેઢીની સંખ્યામાં ૩% વધારો નોંધાયો છે. લાઈફ ઈઝ ફન તેવા મોડર્ન અભિપ્રાય સાથે ડ્રગ્ઝનું વ્યસન વિકસતાં પશ્ચિમ–દક્ષિણ ભારતનો દરિયાકાંઠો ધમધમી રહ્યો છે. અહેવાલ નોંધે છે કે પોપ્યુલર પોલિટિકસની દોડમાં ચૂંટણી સમયે મતની ખેંચતાણમાં રાજકીય પક્ષો જે બીજ વેરે છે, તેની આડ–અસરમાં યુવાનો ભટકી રહ્યા છે. યૂરોપ–અમેરિકા પછી લોકશાહી દેશ તરીકે ભારતમાં પણ હવે સામાજિક સ્વાસ્થ્ય માટે સાઈકિયાટ્રિસ્ટની વધુને વધુ જરૂરિયાત ઊભી થઈ રહી છે.

મોબાઈલ, ઈન્ટરનેટ, ટેલિવિઝનની દુનિયા નવી પેઢીમાં ઠાંસી ઠાંસીને પ્રમાદ ધરબી રહી છે, ત્યારે ફયુચર વર્લ્ડ વિષયે ટાઈમ સ્કેવરના ૨૦૨૨ના સંશોધનમાં જણાવાયું છે કે, વર્ચ્યુઅલ વર્લ્ડનાં વિસ્તારથી મનુષ્યો દ્વારા થતાં સર્જનશીલ ઉત્પાદનોમાં ૨૦% ઘટ આવશે અને વધતી જરૂરિયાતોને પહોંચી રહેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ટેકે મશીન રોબોટ આધારભૂત બનશે. ગૂગલની મદદથી અપાન અને કોરિયાએ તો કોમર્શિયલ વ્હીકલમાં અને ચાઈનાએ કૃષિ અને ડેરીમાં રોબોટનો ઉપયોગ શરૂ કરી દીધો છે.

વિમાં લોકશાહી દેશોમાં વધતી સબસીડી, દેવા–માફી, સસ્તી લોન, બેકારી ભથ્થું, મફત અનાજ અને સસ્તા આરોગ્યની વધતી સુવિધાથી આજે જેમની ઉંમર ૧૮થી ૩૦ છે તે વયજૂથમાં વધુ ને વધુ ફ્રસ્ટ્રેશન, એન્ઝાયટી અને ડિપ્રેશન જોવા મળી રહ્યાં છે. જર્નલ ઓફ મેડિકલ સાયન્સના તાજેતરના અહેવાલથી બહાર આવ્યું છે કે કોવિડ પછીની હતાશામાં ૭૦,૦૦૦થી વધુ યુવકોએ આત્મહત્યા કરી છે. મહાત્મા ગાંધીએ ૧૯૦૮માં 'હિંદ સ્વરાજ'માં લખ્યું છે; "દેશના યુવાનો જવાબદાર અને કામઢા બને તેવા સમયની જરૂર છે." પરંતુ બ્રિટીશરોએ દુનિયામાં જયાં રાજય કર્યું છે ત્યાં ગુલામીની મનોદશા વિસ્તારતા રાજય તરફથી જ જાતિ, પ્રદેશ અને પછાતપણાને આગળ કરી સસ્તામાં લાભ વહેંચવાનો શિરસ્તો વિકસાવવામાં આવ્યો. જે આજે પણ શાહી દેશોમાં સશકત નાગરિત્વની વિભાવનામાં સડો બની વિકસી રહ્યો છે.

જમીનના પેટાળમાંથી મળતા ફાસિલ્સ અને ડી.એન.એ.ના આધારે ઈતિહાસકાર યુવલ નોઆ હરારી નોંધે છે કે, "સીધી કરોડરજજુ ધરાવતા અને વોકલ કોર્ડથી ભાષાના બહુ આયામીઉપયોગથી છેલ્લાં ૨૮૦૦૦ વર્ષથી બૌદ્ધિક માનવનો આવિર્ભાવ થયો છે." પરંતુ વૈકિ સ્તરે બદલાયેલ સમાજ વ્યવસ્થાના લીધે મનુષ્યનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. ૬ લાખ વર્ષથી પૃથ્વી ઉપર વિચરતા વાનર અને માનવનાં ડી.એન.એ.નાં રંગસૂત્રોમાં તો ૯૬% સામ્ય છે. તો પણ ૧૦ વાનર ભેગા મળી સર્જનશીલ ઉત્પાદકીય કામ યોજી શકતા નથી. જયારે માનવ દ્વારા નિર્મિત પરિવર્તનો બ્રહ્માંડના બીજા ગ્રહો સુધી વિસ્તર્યા છે. પરંતુ હવે માનવસર્જિત પરિવર્તનોથી માનવજાત વિનાશના પંથે ચડી છે.ત્યારે પ્રજા કલ્યાણની ભાવનાથી રાજયસંચાલન કરતા રાજકીય પક્ષોએ માનવમૂલ્યની જાળવણી માટે નવા દષ્ટિકોણથી મેનિફેસ્ટો લખવા પડશે. માનવજાત તાર્કિક રીતે વધુ જવાબદાર બને, મહેનતુ બને તે માટે દિશાનિર્દેશ તૈયાર કરવા અનિવાર્ય બન્યા છે. લોકશાહીના નામે પણ કોઈ પણ રાષ્ટ્રના રાજકીય પક્ષોએ માનવ–મૂલ્યોના ભોગે ચૂંટણી ન લડવી જોઈએ. રાષ્ટ્રના ભૂ–ભાગોના વિસ્તારનું અતિક્રમણ ન કરવું જોઈએ. થોડા આર્થિક લાભ કે પછી રાજકીય પક્ષ તરીકે સત્તામાં બની રહેવા માટે યુદ્ધ માટેની પૂર્વભૂમિકા તૈયાર કરવી જોઈએ નહીં. મતદારો પ્રામાણિકતાના રસ્તે મહેનતું બને, શિક્ષિત રહેવા પ્રોત્સાહિત રહે, પોતાના આરોગ્ય માટે સજાગ રહી, કાયદો અને ન્યાયની પ્રક્રિયા પ્રત્યે શ્રદ્ધાવાન રહે તેવું વાતાવરણ સર્જવું એ રાજકીય પક્ષોની ફરજ છે. અને આમ નહીં થાય તો વર્ષ ૨૦૪૦–૫૦ના દાયકામાં નવી પેઢી ચરમસીમાએ નિરાશાવાદનો ભોગ બનવા તરફ ઢસડાઈ જશે તે લગભગ નિર્વિવાદ છે.

**ડો. નાનકભાઈ ભટ્ટ**



# બાલ એક્સપ્રેસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## હૃદયરોગ




હૃદયરોગ એટલે હૃદયને લોહીનો પુરવઠો ઓછો મળવાથી ઉદ્‌ભવતી તકલીફો, જેમાં છાતીનો દુખાવો (એન્જાઈના) અને હાર્ટએટેક મુખ્યત્વે આવે છે. હૃદયની બીજી તકલીફો જેવી કે વાલ્વની ખરાબી, દીવાલમાં કાણું, હૃદય પહોળું થવું વગેરે.જેમ જેમ માણસે કુદરતનું સાંનિધ્ય ગુમાવવા માંડયું અને ઔદ્યોગિકીકરણ થતાં જીવનશૈલી બિનઆરોગ્યપ્રદ થઈ ગઈ. માનસિક શાંતિ હણાઈ ગઈ, તેના પરિણામે નાની ઉંમરમાં પણ હૃદયરોગનું પ્રમાણ વધી ગયું.**જવાબદાર પરિબળ (૧) ઉંમર** : એથેરોસ્કલેરોસિસ થવાની પ્રક્રિયા ઉંમરની સાથે વધે છે. દશ વર્ષની ઉંમરથી ધમનીઓમાં ચરબીના થર જામવાની શરૂઆત થઈ જાય છે.**(૨) જાતિ :** પુરૂષોમાં રોગની શરૂઆત સ્ત્રીઓ કરતા આશરે દશ વર્ષ વહેલી થાય છે. રજોનિવૃત્તિ પછી બન્નેમાં શક્યતા સરખી.(૩) આનુવંશિક પરિબળો (૪) કસરતનો અભાવ (૫) મેદસ્વિતા(૬) વધારે કોલેસ્ટ્રોલ અને ચરબી (૭) માનસિક તાણ, હતાશા અનેગુસ્સો(૮) તમાકુનું સેવન(૯) હાઈ બ્લડપ્રેશર (૧૦) ડાયાબિટીસ (૧૧) **અન્ય પરિબળો** : વધારે હોમોસીસ્ટીન, બેક્ટેરિયાનો ચેપ વગેરે.**લક્ષણો** : છાતીમાં અચાનક ઊઠી આવતો દુખાવો એન્જાઈના પેક્ટોરિસ, હૃદયના સ્નાયુઓને ઓક્સિજન ઓછો મળવાથી છાતીમાં ભાર, ગૂંગળામણ કે દુખાવાનો અનુભવ થાય છે. દુખાવો મોટા ભાગે વચ્ચોવચ્ચ છાતીના હાડકાની પાછળના ભાગમાં હોય છે તથા તેનો વિસ્તાર મોટો અને આંગળીથી ચોક્કસ બતાવી ન શકાય એવો હોય છે. ઘણી વાર આ દુઃખાવો ડાબા ખભા, ડાબા હાથ, ગળા કે જડબાં સુધી પણ અનુભવાતો હોય છે. દુખાવાની શરૂઆત મોટા ભાગે કસરત, પરિશ્રમ કે માનસિક તાણના કારણે થતી હોય છે અને સામાન્ય રીતે આરામ કરવાથી દુખાવો ગાયબ થઈ જાય છે. આ દુખાવો કદી લાંબો ચાલતો નથી.ચાલુ દુખાવાએ કાર્ડિયોગ્રામ લેવાય તો તેમાં ખરાબી આવે છે પણ દુખાવો બંધ થઈ ગયા પછી નોર્મલ પણ આવી શકે. આવા દર્દીમાં સ્ટ્રેસ કાર્ડિયોગ્રામ (TMT) લેવામાં આવે છે.આવો દુખાવો થાય ત્યારે આરામ કરવો અને તકલીફ થાય તેટલો શ્રમ ન કરવો. ગુસ્સા અને લાગણીઓને કાબૂમાં રાખવાં, જીભ નીચે સોર્ટ્રેટિ ૫ મિ.ગ્રા.ની ગોળી બેઠાં બેઠાં કે સૂતાં સૂતાં લેવી.દુખાવો દવાથી કાબૂમાં ન આવે, આરામના સમયે પણ દુઃખાવો ઉપડે કે દુખાવાની તીવ્રતા અને માત્રામાં વધારો થાય તેને હોસ્પિટલમાં દાખલ કરી તપાસ–સારવાર કરાવવી જરૂરી છે.

## માથું કેમ દુખે છે ?



માથાના દુઃખાવા બે જાતના હોય છે. એકને હેડેક અને બીજાને તબીબી ભાષામાં માઈગ્રેન (આધાશીશી) કહેવાય છે. બંનેમાં જ્ઞાનતંતુના છેડા દબાવાથી દુઃખાવો થાય છે. ફરક માત્ર એટલો કે બંનેમાં દબાણ માટેનું કારણ સરખું હોતું નથી. હેડેક વખતે માથાના અને ગરદનના સ્નાયુઓ થોડા ઘણાં સંકોચાય છે. એટલે પીડાને ઓળખતા જ્ઞાનતંતુઓ પણ દબાણ અનુભવે છે.

માઈગ્રેન (આધાશીશી)ના દુઃખાવા વખતે મગજમાં થોડી જુદી ક્રિયા થાય છે. તેમાં સ્નાયુઓ નહીં પણ રકતવાહિનીઓ અનુક્રમે સંકોચાય અને ફૂલે છે. જયારે ફૂલે ત્યારે આસપાસના જ્ઞાનતંતુઓ સહેજ દબાવાથી સબાકા બોલે છે.

મગજની સૂક્ષ્મ રક્વાહિનીઓ સંકોચન અને વિસ્તરણ પામે તેનું પણ વૈજ્ઞાનિક કારણ છે. કોઈ વખત શરીરમાં સેરોટ્રોનિન નામનું રસાયણ ઘટી જતાં રકતવાહિનીઓ જરાક સંકોચન પામે છે અને મગજને પૂરતું લોહી મળતું નથી. આશરે ૧૫ અબજ જ્ઞાનકોષો ધરાવતા લગભગ ૧૩૦૦ ગ્રામના મગજમાં દર મિનિટે ૦.૮૫ લીટર તાજું લોહી પસાર થયા કરવું જોઈએ. કેમકે મગજ આપણાં શરીરના બીજા બધાં અંગો કરતાં વધુ પ્રાણવાયુ વાપરે છે. આ પુરવઠામાં સહેજ પણ ઘટાડો થાય તો જ્ઞાનકોષો ગૂંગળાવા લાગે, એટલે મગજ વધુ લોહી મેળવવા પોતાના ખાસ કંટ્રોલ સેન્ટર દ્વારા રકતવાહિનીઓને ફૂલવાનો સંકેત વારંવાર મોકલે છે. સંકેતનું પાલન કરવા રકતવાહિની જયારે પણ વિસ્તરે ત્યારે પીડાને ઓળખતા જ્ઞાનતંતુઓ દબાય છે અને મગજમાં જાણે સબાકા બોલતા હોય તેવો અનુભવ થાય છે.

## જુગતરામ દવે

### ૩૭. આશ્રમી જીવન





આશ્રમમાં એક છાત્રાલય હતું. તેમાં દેશ દેશના વિદ્યાર્થીઓ રહેતા હતા. કોઈ કાંતતાં શીખતા, કોઈ પીંજતાં શીખતા, કોઈ હાથસાળ પર ખાદી વણતાં શીખતા હતા. કોઈ વિદ્યાર્થીઓ વળી સુથારી કારખાનામાં રેંટિયા ઘડતાં શીખતા. તે સાથે તેઓ ભણતા પણ ખરા.આશ્રમમાં નાનાં બાળકોનું બાળમંદિર પણ ચાલતું, પરંતુ તે માટે કાંઈ જુદા શિક્ષકો રખાય ? ના. બાલમંદિર આશ્રમવાસી બહેનો જ ચલાવતી.આશ્રમમાં સુંદર ગૌશાળા હતી અને તેમાં ઘણી ગાયો હતી. આશ્રમમાં એક નાનું સરખું ચર્માલય પણ કાઢ્યું હતું. તેમાં મૂએલા ઢોરનું ચામડું કેળવે. કતલ કરેલાં ઢોરનું ચામડું પહેરવું એ કતલમાં સાથ આપ્યા બરોબર થાય, તેથી આશ્રમવાસીઓ આ અહિંસક ચામડાના જોડા, ચંપલ વગેરે વાપરતા.

આશ્રમમાં ખેતીવાડી પણ થતી હતી. તેમાં ફળઝાડો કર્યાં હતાં, શાકભાજી પણ કરતાં. ખેતરમાં અનાજ અને કપાસ થતાં હતાં.


આ બધાં કામકાજમાં આશ્રમવાસી ભાઈઓ, બહેનો અને બાળકો ભાગ લેતાં હતાં. તેઓ વારા પ્રમાણે રસોડામાં કામ કરતાં, પાણી ભરતાં, વાસણ માંજતાં, વાળતાં, ગૌશાળાનું વાસીદું કરતાં, પાયખાનાં સાફ કરતાં અને વાડીમાં કામ કરતાં હતાં.

ઊગ્યાથી આથમ્યા સુધી ગાંધીજીનો આશ્રમ મધપૂડાની જેમ ઉદ્યોગથી ગુંજી રહેતો. ગાંધીજીએ તેનું નામ 'ઉદ્યોગમંદિર' પાડ્યું એ તદ્દન યોગ્ય હતું.

## કોની કિંમત વધુ ?



ત્રિચીનાપલ્લીના મહાન રાજવી વિજયરંગ અને જાણીતા ઋષિ થાયુમાનવરના જીવનમાં બનેલો પ્રસંગ છે.એક સમયે રાજાના દરબારમાં કાશ્મીરનો એક મોટો વેપારી કીમતી માલ અસબાબ લઈને આવી ચડયો. રાજાએ એના માલમાંથી કેટલીક વસ્તુઓ પસંદ કરીને ખરીદી; એમાં એક સુંદર તથા કીમતી ગરમ શાલ હતી.એની કિંમત પૂછતાં વેપારીએ જવાબ આપ્યો : 'આ શાલની કદર તમે કરશો એમ મને લાગે છે. એટલે એની કિંમત આપને કહું છું. એની



એક હજાર સોનામહોર આપની પાસેથી લઈશ.'રાજાને શાલ ગમી ગઈ હતી એટલે એણે ખરીદી લીધી અને વેપારીને એક હજાર સોનામહોરો ચૂકવી દેવા ખજાનચીને હુકમ કર્યો.

બરાબર આ જ સમયે ઋષિ થાયુમાનવર ત્યાં આવી પહોંચ્યા. આ ઋષિ માટે રાજાને અજોડ પ્રેમ અને શ્રદ્ધા હતાં. તેમણે ઋષિનો સત્કાર કર્યો અને પોતે ખરીદેલી પેલી કીમતી શાલ તેમનાં ચરણોમાં ધરી દેતાં કહ્યું: 'આનો સ્વીકાર કરો.'રાજા તરફથી પ્રેમપૂર્વક મળેલી આ ભેટનો અનાદર ઋષિ કેમ કરી શકે ? તેમણે એ સ્વીકારી લીધી. થોડી જવારે ઋષિ પોતાને આશ્રમે જવા નીકળ્યા. તેઓ વસ્તીમાં રહેતા નહોતા. ઠંડીના દિવસોહતા એટલે ઋષિએ તે ગરમ–મુલાયમ શાલ ઓઢી લીધી. થોડી વારે એક ડોશી ટાઢથી થરથરતી સામેથી આવતી દેખાઈ. એના શરીર પર એક નાનકડા વસ્ત્ર વગર બીજું કાંઈ નહોતું. એની આ હાલત જોઈ ઋષિનું હૃદય દયાદ્ર થઈ ગયું. તેમણે પોતાના શરીર પરથી શાલ ઉતારીને પેલી વૃદ્ધા ડોશીને ઓઢાડી દીધી. ડોશી પહેલાં તો સંકોચ પામી, પણ પછી શરીરને ગરમી મળતાં એના મુખ પર પ્રસન્નતા નાચવા લાગી. એણે આભારભરી નજરે ઋષિને પ્રણામ કર્યા.કેટલાક ઈર્ષાળુ હજૂરિયાઓએ દોડી જઈને આ વાત રાજાને કરી અને ઉમેર્યું : "આપના તરફથી મળેલી ભેટનો આવો દુરૂપયોગ થાય એ તો આપનું અપમાન થયું કહેવાય. મહારાજ, અમને તો ઠીક લાગતું નથી."રાજાનું જ્ઞાન મર્યાદિત હતું. એ ખુશામતિયાઓની શબ્દજાળમાં રહેલું ઈર્ષાનું ઝેર જોઈ શક્યા નહીં. પોતાની કીમતી ભેટના અપમાનથી એમને ખૂબ લાગી આવ્યું.રાજા, વાજાં ને વાંદરા, એ ક્યારે બગડી બેસે, ક્યારે શું કરે એ કહેવાય નહીં.રાજા ગુસ્સાથી લાલચોળ થઈ ગયા અને સિપાઈઓને હુકમ કર્યો : 'એ ઋષિને હમણાં જ મારી સામે હાજર કરો. આનાકાની કરે તો બળજબરીથી પકડી લાવો.'ઋષિ તો શાંતિથી પોતાના આશ્રમમાં બેઠા હતા. ત્યાં સિપાઈઓએ આવી રાજાની આજ્ઞા સંભળાવી.'થોડી વાર રહીને આવું તો?' ઋષિએ પૂછયું."ના. હમણાંઅમારી સાથે જ ચાલો. રાજા બહુ ગુસ્સામાં છે અને હમણાં જ બોલાવે છે.'સિપાઈઓનો આવો જવાબ સાંભળી ઋષિ સમજી ગયા કે મામલો ગંભીર હોવો જોઈએ. એટલે તે સિપાઈઓ સાથે ચાલી નીકળ્યા. રાજા તો એમની રાહ જોઈને બેઠા હતા, એટલે ઋષિ જોતાં જ પૂછયું : 'મારી આપેલી શાલ ક્યાં છે ?''એ તો એક ગરીબ અને વસ્ત્રહીન ડોશીને મેં આપી દીધી. મને લાગ્યું કે મારા કરતાં શાલની જરૂર એને વધારે હતી. એ બિચારી ઠંડીથી થથરી રહી હતી. એ શાલનો આવો સારો ઉપયોગ ક્યારે થવાનો હતો ? એમ જાણી મેં એને ઓઢાડી દીધી. એનો આત્મા પ્રસન્ન થતાં મારો આત્મા પણ આનંદમાં આવી ગયો. દરેક શરીરમાં પ્રભુનો વાસ છે એવી મારી માન્યતા હોવાથી મેં એ દુઃખી ડોશીને પવિત્ર પરમાત્માનું સ્વરૂપ સમજી તેને એ શાલ આપી દીધી. આ કાર્ય આપને ગુનો લાગતું હોય તો એની સજા ભોગવવા તૈયાર છું.'આટલું બોલી ઋષિ રાજા સામે રહ્યા. રાજાના ક્રોધનો અગ્નિ જ્ઞાન–વાણીથી ઓલવાઈ સ્વસ્થ રીતે ઊભા જતાં એનાં જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં. તરત એ ઋષિના પગમાં પડી ગયો અને પોતે કરેલી ભૂલ માટે ક્ષમા યાચી.ઋષિ બોલ્યા : 'રાજન, વસ્તુની કિંમત એની સુંદરતામાં નથી, પણ એના સારા–નરસા ઉપયોગમાં છે.'રાજા જીવનનું અમૂલ્ય સત્ય સમજી ગયો.



બાલમિત્રો,


અત્યારે તમે નાના છો. છતાં તમારા મનમાં એવું થતું હશે કે મારે આ બનવું છે, તે કરવું છે. એને માટે તમે તકની રાહ જોતા હો, પણ બાલમિત્રો, તક આવે ને તમે તે કાર્ય કરો એવું ઓછું બનતું હોય છે. તકને શોધવી પડે છે. તકને ઝડપવી પડે છે. આગળ આવવું પડે છે. યા હોમ કરીને પડો તો સફળતા મળે.



તમારી પાસે અત્યારે શાળામાં સુવિદ્યાઓ છે. શિક્ષકો ભણાવે છે. માતપિતા તમને તમામ પ્રકારની પ્રગવકતા કરી આપે છે. તેમ છતાં જો તમે ભણવામાં ધ્યાન ન આપો તો પરિણામ શું આવે ? નાપાસ થવાય, આગળ વધી શકાય નહિ. જીવનમાં આવા અનેક પ્રસંગો આવતા હોય છે. જેમાંથી આપણને નવી દિશા મળવાની હોય, પછી નિરાશા જ મળે. એટલે સારૂ ભણીએ, સારૂ શીખીએ. મહેનત કરીએ એમાંજ આપણી ભલાઈ છે.

## હસવાની મનાઈ છે.

વિજ્ઞાનનો પિરીયડ ચાલતો હતો. ટીચરે જોયું કે ચિંટુ ઝોકાં ખાઈ રહ્યો છે. ટીચર ગુસ્સે થઈ ગયા.
ટીચર : ચિંટુ, આ શું ચાલી રહ્યું છે ?
ચિંટુ : શું, સર ?
ટીચર : તારૂ માથું થોડી થોડી વારે નીચે કેમ ઝુકી જાય છે ?
ચિંટુ : કંઈ નહીં, સર. ગુરૂત્વાકર્ષણનો નિયમ એનું કામ



તો કરે જ ને !

રિંકી : મમ્મી, મારી કિંમત કેટલી ?
મમ્મી : બેટા, તું તો મારી અબજો રૂપિયાની વહાલી દીકરી છે.
રિંકી : તો એક કામ કર. એ અબજો રૂપિયામાંથી મને સો રૂપિયા આપ. મારે આઈસક્રીમ ખાવા જવું છે !


જયોતિષે રોમીનો હાથ જોયો. પછી કહે : બેટા, તું ખૂબ ભણીશ. રોમીના પપ્પાએ ગુસ્સે થઈને કહ્યું : સાતમા ધોરણમાં બે વર્ષથી ખૂબ ભણે છે. એમ કહો કે પાસ ક્યારે થશે ?

કનુ: એક વાર બેંકમાં પૈસા જમા કરાવવા ગયો.
ઓફિસર: નોટ ફાટેલી છે, બીજી આપો.
કનુ : હું મારા એકાઉન્ટમાં જમા કરાવું છું, ફાટેલી હોય કે નવી, તમારે શું ?

સોનુ: જો મૈં બોલતા હૂં વો મૈં કરતા હૂં
મોનુ: જો તૂ નહીં બોલતા વો...
સોનુ : વોટ્સેપ કર દેતા હૂં

ટીચર : રોહન, તું હોમવર્ક કેમ કરી આવ્યો નથી ?
રોહન : સર, હું લેસન કરવા બેઠો ત્યાં જ લાઈટ જતી રહી.
ટીચર : પણ લાઈટ આવી પછી તો તું લેસન કરી શક્યો હોતને ?
રોહન : ના હોં. મને ડર હતો કે હું લેસન કરવા બેસું ને ફરીથી લાઈટ જતી રહેશે તો ? મારા કારણે બીજા બધા હેરાન ન થાય ?

## વાર્તા–આ પાણી



આ પાણી, પાણી... પાણી,
આ પાણી પણ તોફાની...
નાચતું–કૂદતું, હસતું–રમતું,
–ને ગાતું મનમાની.
આ પાણી, પાણી–પાણી,
આ પાણી પણ તોફાની...
પાણી આગળ, પાણી
પાછળ,
પાણી ઉપર–નીચે.
નાની અમથી માછલડી
પાણીમાં, આંખ ન મીંચે.
આ પાણી, પાણી–પાણી,
આ પાણી પણ તોફાની...
પાણી જોતાં રાજી રાજી,
આપણી દાદી–નાની,
નદી – તળાવ કે ઝરણા જળ
થી,
દુનિયા થઈ શોભાની.
આ પાણી, પાણી... પાણી,
આ પાણી પણ તોફાની...

**ગિરા પિનાકિન ભટ્ટ**

## અદેખી કાબરની વાર્તા

એક હતો રાજા.

તેણે એક પોપટ પાળ્યો.

પોપટ હંમેશાં મીઠું મીઠું બોલે અને રાજાને ખુશ કરે.

રાજાએ તેને માટે એક સોનાનું સુંદર પાંજરૂ ઘડાવ્યું અને હીરા માણેકની નાની નાની બે વાટકીઓ કરાવી.

પોપટના પાંજરા સામે રોજ રોજ એક કાબર આવીને બેસે ને પોપટના પાંજરાની અદેખાઈ કરે. તે મનમાં મનમાં બોલે : 'મારે આવું હોય તો કેવું સારૂ ?'

એક વાર પોપટનું પાંજરૂ ઉઘાડું રહી ગયેલું અને પોપટ ઊડી ગયેલો.

કાબર કહે : 'લાવને હું જ અંદર બેસી જાઉં !'કાબર તો બેસી ગઈ.

રાજા તો સવારમાં વહેલો આવ્યો ને પોપટ જાણી હંમેશની પેઠે પઢાવવા લાગ્યો.

પણ પાંજરામાં તો કાબર હતી, ને એને કાંઈ પોપટની જેમ પઢતાં આવડે નહિ.

રાજા કહે : 'પોપટ પઢતો કેમ નથી ?'

પણ પોપટ હોય તો પઢે ને ?

રાજા ખિજાયોને એક લાકડી લાવી પાંજરામાં ધોકાવવા લાગ્યો.

છેવટે કાબર થાકીને બોલી :'ધોંકાધોંકી મા કર રાજા,
ધોંકે અમે મરીએ,
સરવાળો સાદવા તો ઊડી ગયો,
કહે તો કલબલ કલબલ કરીએ.
રાજા કહે : 'અરે આ તો કાબર !'

પછી રાજાએ કાબરને લાકડીના બે ધોકા મારીને કાઢી મૂકી અને પોપટ આવીને પાછો પાંજરામાં બેસી ગયો.

## બાલ કથાઓ



**ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)**

# અમરેલી સ્થિત જિલ્લા પંચાયત ખાતે ''અમૃત ખેડૂત બજાર'' ની મુલાકાત લેતા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા






અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે આજથી 'અમૃત ખેડૂત બજાર'નું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પંચાયત સ્થિત પરિસરમાં રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ 'અમૃત ખેડૂત બજાર'ની મુલાકાત લીધી હતી. ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે વિવિધ પ્રાકૃતિક ઉત્પાદને વિષયક ચર્ચા કરી હતી. આ બજારમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ભાઈઓ–બહેનો દ્વારા ઉત્પાદિત તાજા શાકભાજી, ફળો, અનાજ–દાળ, તેમજ ગાય આધારિત વિવિધ ઉત્પાદનો વેચાણ માટે ઉપલબ્ધ છે. સવારે ૯ થી બપોરે ૧૨ કલાક સુધી બજાર ખુલ્લું રાખવામાં આવશે. જેમાં પ્રાકૃતિક રીતે ઉત્પાદિત સ્વચ્છ, સુરક્ષિત અને આરોગ્યવર્ધક ખેતી ઉત્પાદનોનું વેચાણ થશે. ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે જિલ્લાના ખેડૂતોને અનુરોધ કર્યો હતો અને જણાવ્યું કે, ઝેરમુક્ત ખેતી થકીમાનવીય આરોગ્ય પરનો ખતરો ટાળી શકાય છે. રાજયમંત્રીએ આત્મા અમરેલીને પ્રાકૃતિક ચીજવસ્તુ– અમૃત ખેડૂત બજારના આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાની અમરેલી સ્થિત જિલ્લા પંચાયત ખાતે 'અમૃત ખેડૂત બજાર'ની મુલાકાત વેળાએ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા સહિત પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## લાઠીથી ભુરખીયા સુધીની

ભુરખિયા સુધી આશરે ૧૧ કિ.મી.ના અંતર સુધી યોજાઈ હતી. યાત્રા દરમિયાન સમગ્ર માર્ગ પર દેશભક્તિના નાદો, સરદાર પટેલ અમર રહો, ભારત માતા કી જય, એકતા જિંદાબાદ જેવા ઉલ્લાસભર્યા સૂત્રો ગુંજતા રહ્યા હતા. યુવાનોની ટોળીઓ દેશભક્તિના ગીતો ગાઈ રહી હતી, તો વરિષ્ઠ નાગરિકો સરદારના આદર્શો યાદ કરી રહ્યાં હતાં. મહિલાઓ, બાળકો અને યુવાનોએ રાષ્ટ્રપ્રેમ અને એકતાનું અપ્રતિમ પ્રદર્શન કર્યું હતું.

યાત્રા દરમ્યાન વિવિધ સ્થળોએ સ્વયંસેવક મંડળોએ પીવાના પાણી, આરોગ્ય સહાય અને વિશ્રામ કેન્દ્રોની વ્યવસ્થા કરી હતી. પોલીસ વિભાગે યાત્રાના માર્ગ પર સંપૂર્ણ સુરક્ષા અને ટ્રાફિકની વ્યવસ્થા સંભાળી હતી. આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ ટીમો માર્ગ દરમિયાન તૈનાત રાખવામાં આવી હતી. જેથી કોઈ પણ પ્રકારની અડચણ વિના યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકે.

આ ભવ્ય પદ્યાત્રાના માધ્યમથી સરદાર પટેલના વ્યક્તિત્વ અને તેમના રાષ્ટ્રનિર્માણના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય એકતાના પ્રતિક એવા સરદાર પટેલના વિચારોથી પ્રેરણા લઈને નાગરિકોએ દેશને વધુ મજબૂત બનાવવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ ઐતિહાસિક પદ્યાત્રા માત્ર કાર્યક્રમ ન રહી, પરંતુ સમાજમાં એકતા, શિસ્ત અને દેશપ્રેમનો શક્તિશાળી સંદેશ આપતી લોકચળવળ તરીકે લોકહૃદયમાં સ્થાયી છાપ મૂકી ગઈ હતી.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરાનું ખાખરીયા ગામ

બનતા ગામના લોકોમાં પણ ખુશીની લાગણી પ્રસરી ગઈ છે કે ગામનું પ્રયાન રાખવામાં હવે એક ત્રીજી આવી ગઈ છે જે ૨૪ કલાક ગામનું પ્રયાન રાખછે તેવું ગામના લોકોએ જણાવ્યું હતું.

ગામના યુવા સરપંચ વિપુલભાઈ કાચેલા દ્વારા જણાવ્યું હતું કે આખા ગામમાં સીસીટીવી કેમેરા મુકવાનો વિચાર ઘણા સમયથી હતો એટલે તાલુકા પંચાયતમાં રજુઆત કરી ગ્રાન્ટ મેળવી ગામને સીસીટીવી કેમેરાથી સજ્જ કર્યું છે કોઈ વ્યક્તિ આખા ગામનું ધ્યાનનો રાખી શકે પણ કેમેરા હોય તો ગામમાં થતી અવર–જવર પણ નજર રહે અને અજાણ્યા શખ્સો પર પણ નજર રાખી શકીએ અહીં ગામમાં જાહેર ચોક જાહેર તમામ રસ્તાઓ બઝારો તેમજ મુખ્ય પ્રવેશદ્વાર અને રહેણાંક વિસ્તારમાં કેમેરા મુકવામાં આવ્યા છે તમામ કેમેરાનું નિયમિત નિરીક્ષણ પણ કરવામા આવશે એક પણ કેમેરો બંધ જોવા મળે તો તરતજ તેને શરૂ કરવાની કામગીરી કરવામાં આવશે.

પાના ૧ ઉપરનું ચાલું
## હાથસણીનાં ૫૦ બાળકો

મુશ્કેલી વધી જાય છે. રસ્તો નથી, વોકળા ઊંડા છે અને પાણીમાં ગટરના ગંદા પાણીના વહેણ ઉમેરાતા બાળકો માટે સ્કૂલે જવાનો માર્ગ જોખમ બની જાય છે. ૪ થી ૫ કિલોમીટરનું અંતર બાળકો પગપાળા કાપે છે. અનેક બાળકોના પગમાં ઈજા, ચામડીની સમસ્યા અને ભયજન્ય સ્ટ્રેસ જેવી સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

આ વિસ્તાર જંગલની નજીક હોવાથી સિંહ અને દીપડા જેવા વન્યપ્રાણીઓનો પણ મોટો ભય છે. સંકીડો, ગીચ ઝાંખરાવાળો રસ્તો પસાર કરતાં બાળકો ભયભીત થઈ જાય છે. શાળાના શિક્ષકો ઘણીવાર શાળા છૂટે ત્યારે બાળકોને કાર કે બાઈકમાં બેસાડી સુરક્ષિત રીતે ઘરે છોડવાની મજબૂરી અનુભવે છે. પરંતુ દરેક દિવસ, દરેક બેચ અને દરેક બાળકને વાહન ઉપલબ્ધ કરાવવું શકય નથી.

વિદ્યાર્થીઓએ પોતાનો વ્યથા–વાંધો રજૂ કરતાં જણાવ્યું કે તેઓ કયારેક પાણીના વહેણ સાથે પસાર થવું પડે છે, કયારેક કાદવમાં પગ ઘસાઈ જાય છે, તો કયારેક જંગલ વિસ્તારમાં સંભળાતા અવાજોથી ડરીને એકબીજાનાં હાથ પકડીને સ્કૂલે પહોંચે છે.

શિક્ષણ વિભાગના ટી.પી.ઓ. જે.કે. સરવૈયાએ પણ આ પરિસ્થિતિને સ્વીકારી છે. તેમણે જણાવ્યું કે રસ્તો નથી અને આ બાબતે હવે આર.એન્ડ બી. વિભાગ અને તાલુકા પંચાયતના એસ.ઓ. મારફતે તપાસ કરાવી જિલ્લા કક્ષાએ દરખાસ્ત મોકલવામાં આવશે. પરંતુ પ્રશ્ન એ છે કે ''આટલા વર્ષો સુધી આ સીમશાળાના બાળકોની પરિસ્થિતિ પર ધ્યાન કેમ ન આપાયું ?''

સરકાર ''ભણશે ગુજરાત''નો નારો આપે છે, પરંતુ હાથસણી જેવી સીમશાળાના બાળકો આ સ્લોગનથી વંચિત છે. નદીના ગંદા પાણીમાં પગ ડુબાડીને સ્કૂલે જવાની મજબૂરી વચ્ચે આ બાળકો ભણતા તો છે પણ ભય, જોખમ અને તકલીફની વચ્ચે.

આ સીમશાળાના વિદ્યાર્થીઓનું એક જ માંગણું છે ''અમને સુરક્ષિત રસ્તો આપો.. જેથી અમે પણ સાચા અર્થમાં ભણીએ, રમીએ અને આગળ વધીએ.''

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં માર્કેટયાર્ડમાં

આધારિત જિલ્લો હોવાથી અહીંના ખેડૂતો કપાસ અને મગફળીનું વાવેતર મોટા પ્રમાણમાં કરે છે. હાલ માર્કેટયાર્ડોમાં બંને પેદાશોની આવક ચાલી રહી છે, પરંતુ ખાસ કરીને કપાસની ભરી આવક ખેડૂતોના ચહેરા પર ખુશી લાવી રહી છે.

જિલ્લાના મોટા માર્કેટયાર્ડોમાં સરેરાશ ૫૦,૦૦૦ મણ જેટલી કપાસની આવકરોજ નોંધાઈ રહી છે. ખેડૂતોને કપાસના સારા ભાવ મળતા તેઓ સંતોષ અનુભવી રહ્યા છે. હાલ ગુણવત્તાવાળા કપાસના ભાવ ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયા સુધી મળી રહ્યા છે, જયારે કમોસમી માવઠાથી અસર થયેલા અને પલ્લી ગયેલા કપાસના ભાવ ૮૦૦ થી ૯૦૦ સુધી મળી રહ્યા છે. એકંદરે બજારમાં સ્થિરતા સાથે સારો ભાવ મળતા ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળે છે.

સાવરકુંડલા માર્કેટયાર્ડના આસિસ્ટન્ટ સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ''આ સિઝનમાં જિલ્લાની મોટા ભાગની માર્કેટયાર્ડોમાં કપાસની ઉત્તમ આવક થઈ રહી છે. અમરેલી, બાબરા અને સાવરકુંડલા માર્કેટયાર્ડમાં મળીને સરેરાશ ૫૦,૦૦૦ મણ કરતાં વધુ કપાસની આવક નોંધાઈ રહી છે, જે ગત વર્ષ કરતાં વધુ છે. ગુણવત્તાવાળા કપાસને ઊંચો ભાવ મળી રહ્યો છે અને ખેડૂતને તેમની મહેનતનો યોગ્ય મૂલ્યપ્રતિસાદ મળી રહ્યો છે.

કપાસની આ સારા ભાવ અને મજબૂત આવકના કારણે ખેડૂતોમાં નવા સિઝન માટે વિસ અને જોશમાં વધારો થયો છે. આમ, અમરેલી જિલ્લામાં હાલ ખેતીક્ષેત્રે ઉત્સાહભર્યુ વાતાવરણ છવાયું છે.

પાના ૧ ઉપરનું ચાલું
## લીલીયા મોટાના ક્રાંકચ ગામે

પકડાયેલ ત્રણેય આરોપીઓનું રીકન્સ્ટ્રકશન અને કાયદાનું ભાન કરવવામાં આવેલ અને પોલીસ કાફલો ત્રણેય આરોપીઓને લઈને ક્રાંકચ ગામે ઘટના સ્થળ પહોંચ્યો હતો. પી.આઈ.એમ.ડી. સાળુંકે અને અન્ય પોલીસ કર્મીઓની હાજરીમાં ગુનાનું રીકન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું. સમાજમાં ગુંડાગીરી કરનારા તત્વોમાં કાયદાનો ડર રહે તે હેતુથી પોલીસે આરોપીઓ પાસે સ્થળ પર જ ઊઠક – બેઠક કરાવી હતી અને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસની આ કામગીરી અને રીકન્સ્ટ્રકશન જોવા માટે ગામ લોકોના મોટા ટોળા ઉમટી પડયા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અવસાન નોંધ



**રાજુલા :** રાજુલા નિવાસી સ્વર્ગીય લીલાવંતીબેન મનસુખભાઈ મહેતા ઉંમર વર્ષ ૭૭નુ તારીખ ૨૧/૧૧/૨૦૨૫ને શુક્રવારના રોજ વહેલી સવારે શ્રીજી ચરણ પામ્યા છે તેઓ એ.ટી.ડી.ઓ. મનસુખભાઈ જીવરાજભાઈ મહેતા (એમ.જે. મહેતા)ના ધર્મપત્ની તથા પત્રકાર મનીષભાઈ મહેતા પત્રકાર સચિન દેવ મહેતાના માતૃશ્રી તથા કાજોલબેન, શિવમભાઈ, ઓમભાઈના બા તથા સુરેશભાઈ મહેતા ખાંભા પત્રકાર તથા સ્વર્ગીય નરેશભાઈ મહેતા ખાંભાના ભાભીશ્રી થાય તથા સ્વ વસંતભાઈ દવે, સ્વ જીતેન્દ્રભાઈ દવે, સ્વ રાજગોર શિવકુમાર દવે, સ્વ ધીરૂભાઈ દવે તથા મધુબેનના બહેન તથા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ અને સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ રાજગોર ભાનુભાઈ દવે, દોલુભાઈ દવે પ્રતાપભાઈ દવે, સ્વ કનુભાઈ દવેના બહેન શ્રીજી ચરણ પામેલ છે સદગતનું બેસણું તારીખ ૨૪/૧૧/૨૦૨૫ને સોમવારના રોજ બપોરે ત્રણ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે ''ત્રિનેત્ર'' સવિતા નગર સોસાયટી શેરી નંબર – ૨ એસ.બી.આઈ. SBI ADB બેન્કની પાસે છતડીયા રોડ રાજુલા ખાતે રાખેલ છે.

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ પ્રજ્ઞાબેન W/O પ્રકાશભાઈ ગૌરીશંકર જોષી ઉ.વ. ૫૩ કે જેઓ હરગોવિંદભાઈ મણીશંકર જોષીના દિકરી તથા પ્રવિણભાઈ, ચંદુભાઈના બહેનનું તા. ૨૦/૧૧/૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૨/૧૧/૨૫ને શનિવારના રોજ ૨ : ૦૦ થી ૬ : ૦૦ કાલક દરમ્યાન ''કૃષ્ણાશ્રય'' સુખનાથપરા શેરી નં. ૩ અમરેલી ખાતે રાખેલ છે (પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.)

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૯૪/૨૦૨૫
તા.૨૮/૧૦/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) કાબરીયા પ્રભાબેન નનુભાઈ, W/O. અકબરી ભરતભાઈ રહે.ટી.બી. નગર રોડ, ડ–૫૯, ઈલા કો.ઓ. સોસાયટી, ઈન્ડિયા કોલોની, ઠકકરબાપા નગર રોડ, અમદાવાદ

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. જન્મ–મરણ રજીસ્ટ્રારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **કાબરીયા પ્રભાબેન નનુભાઈ**નો **જન્મ તા. ૦૫/૦૮/૧૯૭૧ના રોજ મુ.તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલીકા/ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૨૮/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૨૬૨/૨૦૨૫
તા.૦૭/૧૦/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) શારદાબેન શામજીભાઈ કળથીયા W/O. કાળેણા વિનુભાઈ રહે.આંબરડી, તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, વંડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી **શારદાબેન શામજીભાઈ** કળથીયાનો **જન્મ તા. ૦૧/૦૧/૧૯૭૧ના રોજ મુ. અભરામપરા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૦૭/૧૦/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિકકો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **દિવ્યેશ કે. રાદડિયા,** રહે : – બાબરા, અમારા અસીલ જમીન વેચનાર **દેવગણીયા અશ્વિનભાઈ છગનભાઈ,** રહે :– ગરણી, તા.બાબરા, જી.અમરેલી વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતાવળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે **ગરણી** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **દેવગણીયા અશ્વિનભાઈ છગનભાઈ** વેચાણ દસ્તાવેજથી **રાજેશભાઈ કરશનભાઈ પરસાણા,** રહે.રાજકોટ, ઠે. ભવનાથપાર્ક–૨, શેરી નં. ૯, કિરણ સોસાયટીની પાસે, હરિધવા મેઈન રોડ, ભકિતનગર, રાજકોટવાળાને વેચાણ કરવા માંગે છે.

**જમીનની વિગતઃ–**

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | દેવગણીયા અશ્વિનભાઈ છગનભાઈ | ૪૪૩ | ૮૮ પૈકી ૨ | ૧–૩૦–૫૦માંથી વેચાણ થતી જમીન હે. ૦–૮૯–૦૩ |

સબબ ઉપરોકત વિગત વર્ણનવાળી ખેતીની ખેડવાણ જમીન સંબંધે તેના વેચાણ સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, બાનાખત, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક કે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા–તકરાર કે દરદાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે. તેમ સમજી અમો પાકકો રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજ ખરીદનાર **રાજેશભાઈ કરશનભાઈ પરસાણા** ના નામે કરાવી આપીશું. ત્યારબાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**સ્થળ :– બાબરા**
**તા :– ૨૧–૧૧–૨૦૨૫**

**અમારા અસીલ**
**શ્રી દેવગણીયા અશ્વિનભાઈ છગનભાઈની સુચનાથી**


ADV. DIVYESH K. RADADIYA
REG. NO. G/724/2019
GUJARAT HIGH COURT

**દિવ્યેશ કે રાદડીયા**
**એડવોકેટ (B.Com.LL.B)**
**(ગુજરાત હાઈકોર્ટ) પોલીસ સ્ટેશન પાસે, રાજકોટ–ભાવનગર રોડ, મુ.બાબરા,જિ.અમરેલી**
Mo.87803 97092


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૧૯૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૧૮૦ | ૧૩૬૫ |
| ૩ | ગીરનાર શીંગ | ૮૫૦ | ૧૩૦૦ |
| ૪ | શિંગ મોટી | ૮૧૫ | ૧૩૮૨ |
| ૫ | શિંગદાણા | ૧૦૨૫ | ૧૩૨૫ |
| ૬ | શિંગદાણા ફાડા | ૮૧૦ | ૧૧૪૦ |
| ૭ | તલ સફેદ | ૧૨૦૦ | ૩૦૧૫ |
| ૮ | તલ કાળા | ૨૮૦૦ | ૩૬૦૦ |
| ૯ | તલ કાશ્મીરી | ૨૧૯૫ | ૨૪૨૦ |
| ૧૦ | બાજરો | ૩૨૧ | ૪૦૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૭૧ |
| ૧૨ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૫૨ |
| ૧૩ | મકાઈ | ૩૪૦ | ૫૦૦ |
| ૧૪ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | અડદ | ૯૩૦ | ૧૩૨૫ |
| ૧૬ | ચણા | ૮૫૦ | ૧૦૭૪ |
| ૧૭ | સફેદ ચણા | ૯૩૦ | ૧૦૯૦ |
| ૧૮ | છોલે ચણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ૧૯ | કપાસ | ૮૯૦ | ૧૫૪૨ |
| ૨૦ | એરંડા | ૧૦૭૫ | ૧૩૦૦ |
| ૨૧ | જીરૂ | ૩૬૨૫ | ૪૦૭૦ |
| ૨૨ | ધાણા | ૧૪૧૫ | ૧૫૮૯ |
| ૨૩ | અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૨૪ | મેથી | ૯૫૦ | ૧૧૩૫ |
| ૨૫ | સોયાબીન | ૬૫૦ | ૯૮૧ |
| ૨૬ | રજકાનું બી | ૪૩૦૦ | ૮૩૦૦ |
| ૨૭ | કાંગ | ૩૦૦ | ૫૪૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૫૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૧૦ | ૧૨૨૦ |
| ૩ | મગફળી | ૯૮૯ | ૧૩૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૫૫૫ | ૨૧૦૫ |
| ૫ | તલ કાળા | ૨૯૩૦ | ૪૮૧૦ |
| ૬ | જીરૂ | ૩૦૨૦ | ૪૦૮૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૮ | ચણા | ૯૬૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૯૪૦ | ૧૧૮૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૬૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૩૪૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૧૧ |
| ૪ | તલ કાળા | ૪૫૦૦ | ૫૩૨૫ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૯ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૮૩ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૧૧ |
| ૧૦ | જુવાર | ૫૭૧ | – |
| ૧૧ | અડદ | ૮૩૫ | ૧૦૯૨ |
| ૧૨ | ચણા | ૮૫૦ | ૧૧૮૧ |
| ૧૩ | મેથી | ૮૫૧ | – |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૫ | સોયાબીન | ૮૨૫ | ૮૮૯ |
| ૧૬ | અજમા | ૧૦૦૦ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૪૫૧ |
| ૨ | કપાસ કોડી | ૭૦૧ | ૧૧૦૧ |
| ૩ | મગફળી | ૭૦૦ | ૧૩૧૫ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૩૦ |
| ૫ | ચણા | ૮૯૦ | ૧૦૬૧ |
| ૬ | ધાણા | ૧૩૫૫ | ૧૪૬૬ |
| ૭ | અડદ | ૮૦૦ | ૧૦૦૦ |
| ૮ | એરંડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૯ | તુવેર | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૦ | બાજરો | ૪૫૧ | ૪૫૧ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૧ | ૮૯૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૫૦ | ૧૪૯૬ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૨૫ |
| ૪ | અડદ | ૯૨૦ | ૯૭૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૭૧ |
| ૬ | ચણા સફેદ | ૮૦૦ | ૧૦૨૦ |
| ૭ | ધાણા | ૧૪૬૦ | ૧૫૫૦ |
| ૮ | તુવેર | ૩૦૦ | ૪૦૦ |
| ૯ | બાજરો | ૨૫૧ | ૨૭૧ |
| ૧૦ | લસણ | ૨૪૫ | ૩૨૫ |
| ૧૧ | તલ સફેદ | ૨૨૬૫ | ૨૫૧૧ |
| ૧૨ | તલ કાળા | ૩૯૦૦ | ૪૦૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૧૫ | ૯૪૫ |
| ૧૪ | સીંગફાડા | ૭૧૫ | ૯૪૫ |
| ૧૫ | મગફળી | ૭૫૧ | ૧૦૨૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૩૮૦૦ | ૩૮૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૯૪ |
| ૫ | બાજરો | ૩૮૬ | ૬૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૩ |
| ૭ | જુવાર | ૫૯૦ | ૧૧૨૬ |
| ૮ | મગ | ૧૧૫૪ | ૧૫૮૬ |
| ૯ | અડદ | ૬૦૦ | ૮૦૮ |
| ૧૦ | ચણા | ૯૮૨ | ૧૧૭૧ |
| ૧૧ | એરંડી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | સોયાબીન | ૭૦૨ | ૮૬૧ |
| ૧૩ | રાય | ૧૭૧૭ | ૧૭૧૭ |

# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાના DLSS જુડો ખેલાડીઓની SGFI ચેમ્પિયનશીપમાં પદક પ્રાપ્ત કરી રાજય કક્ષાએ સિદ્ધિ






તારીખ ૨૭ ઓકટોબરથી ૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ રાજય કક્ષાની ગુજરાત સ્ટેટ જુડો યુ-૧૪ ,૧૭,૧૯ચેમ્પિયનશીપનું આયોજન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુકામે થયું હતું. જયાં વિવિધ જિલ્લાના જુડો રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ તેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્પોટર્સ સ્કૂલના DLSS જુડો ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરી પોતાની તાકાત અજમાવીને સિધ્ધીઓ મેળવેલ. જેમાં શાળાના વિદ્યાર્થીમાં (૧) યુ-૧૭ મેણીયા કલ્પેશ - ૪૦Kg સાથે સુવર્ણ પદક, (૨)યુ-૧૯ મકવાણા કુલદીપ -૯૦ Kg સાથે સુવર્ણ પદક મેળવેલ, (૧)યુ- ૧૪ ચૌહાણ જયરાજ ૪૦Kg સાથે રજત પદક (૨)યુ-૧૪ વાળા યશરાજ ૫૦Kg સાથે રજત પદક (૩) યુ-૧૭ નંદવાણા રવીરાજ ૫૦Kg સાથે રજત પદક (૪) યુ-૧૭ પંડયા રૂદ્રિ ૪૮Kg સાથે રજત પદક (૫)યુ-૧૯ પેથાણી કાવ્યા ૩૬Kg સાથે રજત પદક (૬) યુ-૧૯ જતાપરા જાનવી ૬૩Kg સાથે રજત પદક મેળવેલ,(૧) યુ-૧૪. નાકીયા ઈશ્વર ૩૦Kg સાથે કાંસ્ય પદક, (૨) યુ-૧૭ ફીણવીયા વેદાંત ૯૦Kg સાથે કાંસ્ય પદક મેળવી રાજય કક્ષાએ જુડો ગેમમાં શાળા પરિવારનું નામ રોશન કરેલ છે, સંસ્થામાં અનુભવી તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે. આ વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા માન.કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને એસ.પી સંજય ખરાત દ્વારા શુભેચ્છા પાઠવી પ્રોત્સાહિત કરાયા.બન્નેના પ્રોત્સાહન બદલ સંસ્થા પરિવાર દ્વારા કેમ્પસમાં પધારવા બદલ આભાર વ્યકત કરેલ. તેમજ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ-ટ્રેનર ને અભિનંદન પાઠવ્યા હતા.

### વિવિધ જાણકારી મેળવવા માટે

## અમરેલીની ઔધોગિક તાલીમ સંસ્થાની મુલાકાતે રોજગાર મંત્રી

### ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ




અમરેલી, તા. ૨૧

આજરોજ રાજયસરકારના શ્રમ, કૌશલ્યવિકાસઅનેરોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ અમરેલી સ્થિત ઔદ્યોગિમ તાલીમ સંસ્થા ખાતે પરિસરની મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, આઈ.ટી.આઈ અમરેલી ખાતે વિશાળ કેમ્પસમાં ફીટર, ઈલેકટ્રીક, વાયરમેન, સહિતના વિવિધ ટ્રેડ કોર્ષ શરૂ છે. જેમાં જિલ્લાના વિદ્યાર્થીઓ થિયરી અને પ્રેકિટકલ અભ્યાસની મદદથી વિવિધ કૌશલ્યનો વિકાસ કરી રહ્યા છે. અહીં વિદ્યાર્થીઓને સ્વરોજગારી મળે તે પ્રકારના વિવિધ ટ્રેડ કોર્યમાં શિક્ષણ આપવામાં આવે છે.

મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ આઈ.ટી.આઈ અમરેલી ખાતે સંચાલિત ફીટર, ઈલેકટ્રિશયન, કોમ્પ્યુટર લેબ (કોપા) સહિતના ટ્રેડની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ સાથે સહજ સંવાદ કર્યો હતો. મંત્રીએ વિદ્યાર્થીઓને અભ્યાસ, શિક્ષણકાર્ય, નિયમિતતા વગેરે બાબતે સહજભાવે સવાલો પુછયા હતા.

આઈ.ટી.આઈ અમરેલી ખાતે મંત્રીની ઉપસ્થિતિમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,જિલ્લા રોજગાર કચેરી, આઈ.ટી.આઈ અમરેલીના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં મંત્રીએ ''મિશન મંગલમ'' હેઠળ કાર્યરત સખી મંડળો, જિલ્લા રોજગારી કચેરી હેઠળ આયોજિત રોજગાર મેળા સહિતની સંબંધિત બાબતોની જાણકારી મેળવી હતી. ઉપરાંત જરૂરી દિશાદર્શન-માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે ઔધોગિક તાલીમ સંસ્થાઓ થકી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસને બળ મળી રહ્યું છે. સ્વરોજગારીનું સપનું સાકાર કરતા વિવિધ ટ્રેડ કોર્ષની આજે બજારમાં માંગ છે. ઔધોગિક એકમોમાં જે પ્રકારના કૌશલ્યની જરૂર છે તે પ્રકારે આઈ.ટી.આઈ સંસ્થાઓ ખાતે ટ્રેડ કોર્ષ કાર્યરત છે.

ઉલ્લેખનીય છે કે યુવાનોએ રોજગારીની વધુમાં વધુ તકો મળે તે માટે સમયાંતરે જિલ્લા રોજગારી કચેરીના માધ્યમથી રોજગાર ભરતી મેળાઓનું આયોજન હાથ ધરવામાં આવે છે.


જિલ્લામાં સ્વસહાય જુથની બહેનોને રોજગારી મળી રહી તે માટે ગ્રામહાટ શરૂ કરવા બહેનો જાગૃત થાય આઈ.ટી.આઈ સંસ્થાઓ ખાતે સંચાલિત વિવિધ ટ્રેડ કોર્ષની જાણકારી અને માર્ગદર્શન યુવાઓને મળી રહે તે માટે જનજાગૃતિ સહિતના મુદ્દાઓ પર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ઉપસ્થિત સૌ અધિકારીઓને માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

રાજય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની આઈ . ટી . આઈ અમરેલી ખાતે મુલાકાત વેળાએ અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક જાડેજા, જિલ્લા રોજગાર અધિકારી, આઈ.ટી.આઈ સંસ્થાના આચાર્ય તેજલબેન ભટ્ટ અને સંસ્થાના સર્વેસ્ટાફ સભ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કોળી શકિત યુવક મંડળ દ્વારા

## અમરેલી ખાતે સમસ્ત કોળી સમાજ દ્વારા લગ્નોત્સવ યોજાયો

### સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા




અમરેલી, તા. ૨૧

અમરેલી ખાતે કોળી સમાજનો ૪૨મો સમસ્ત કોળી સમાજના સમુહ લગ્ન યોજાઈ ગયેલ. આ સમારંભનું ઉદ્દ્ઘાટન મગનભાઈ એન. કાબરીયા પ્રમુખ બાળ હનુમાન મંદિર, વલ્લભભાઈ એમ. વસાસીયા ટ્રસ્ટી બાલ હનુમાન મંદિર, પ્રશાંતભાઈ ડી. સોલંકી વિરપુર મહંત લલીતદાસ બાળ હનુમાન મંદિર આશીર્વાદ આપેલ મુખ્ય મહેમાનમા બાબુભાઈ કે. મકવાણા, જેઠાભાઈ સોલંકી દામનગર, અરવિંદભાઈ રાઠોડ, દેવશીભાઈ સાંકળીયા, ખંભાળા, શારદાબેન ડાભી, ચંદુભાઈ કાતરીયા, સુધીરભાઈ ચુડાસમા, અશોકભાઈ એલ. ખીમડીયા, અમુભાઈ સોનરાત, હમીરભાઈ ડાભી, અમદાવાદ, કૌશિકભાઈ ડાભી, જુનવદર હાજર રહ્યા હતા.

આ સમુહલગ્નના કરીયાવરના દાતાઓ, આગેવાનોનું સન્માન કરવામાં આવેલ.

આ સમુહલગ્નને સફળ બનાવવા પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોતમભાઈ એન. મકવાણા, ભીખુભાઈ પી. મકવાણા, રમેશભાઈ આર. ડાભી ચિતલ, શંભુભાઈ ટી. માલકીયાએ જહેમત ઉઠાવેલ હતી.

### રાજયના કૃષિમંત્રી અને ખેડુત કલ્યાણમંત્રી અને

## અમરેલી જિલ્લાના પ્રભારીમંત્રી જીતુભાઈ વાઘાણીએ ''અમૃત ખેડુત બજાર''ની મુલાકાત લીધી

### ખેડુતો અને પ્રાકૃતિક કૃષિના અભ્યાસક્રમ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને સંવાદ સાધી પ્રોત્સાહન પુરૂ પાડયું



અમરેલી, તા. ૨૧

ગુજરાત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌ સંવર્ધન મત્સ્યદ્યોગ અને અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ આજે અમરેલી જિલ્લા પંચાયત ખાતે આયોજિત પ્રાકૃતિક કૃષિ પેદાશોના વેચાણ માટેના અમૃત આહાર બજારની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન તેમણે પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો અને પ્રાકૃતિક કૃષિનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને પ્રોત્સાહન પૂરૂ પાડ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક કૃષિનું ભવિષ્ય ઉજળું છે અને આવનારો સમય પ્રાકૃતિક કૃષિનો છે. સાથે જ પ્રાકૃતિક કૃષિને સર્વ હિતકારી ગણાવી હતી.

મહત્વનું છે કે, પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો સીધા ગ્રાહકોને પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી શકે તે માટે અમૃત આહાર બજારનું સમયાંતરે આયોજન કરવામાં આવે છે. પ્રભારી મંત્રીની આ મુલાકાત દરમિયાન રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, આત્માના પ્રોજેકટ ડાયરેકટર મહેશ ઝીડ સહિતના પદાધિકારીઓ-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ચલાલા : શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૬માં સર્વ જ્ઞાતિય સમુહલગ્ન યોજાશે

ચલાલા, તા. ૨૧

શ્રી દાનમહારાજની પાવન ભુમી ચલાલા ને આંગણે ૪૬માં સમુહલગ્ન જાન્યુઆરી ૨૦૨૬ માં યોજાશે. આ સમુહ લગ્નમાં ફકત પાંચ ગરિબ પરિવારની દિકરીઓના લગ્ન રાખેલ છે. આ સમુહ લગ્નમાં જોડવા માટે દિકરાની ઉમર ૨૧ વર્ષ પુરા અને દિકરીની ઉપર ૧૮ વર્ષ પુરા હોય એજ વર-કન્યાના વાલીઓ એ સંપર્ક કરવો સમુહલગ્નમાં જોડવા માટે જરૂરી ડોકયુમેન્ટ જન્મ તારીખ દાખલો-આધાર કાર્ડ-રેશન કાર્ડ-ચૂંટણી કાર્ડ તથા વર-કન્યાઓના પાસપોર્ટ સાઈઝના બે-બે ફોટાઓ લયને ચલાલા ફોમ ભરવા માટે રૂબરૂ આવવાનું રહેશે. આ સમુહલગ્નમાં દરેક દિકરીઓને કરિયાવર વસ્તુઓ દાતાઓ તરફથી જે આવશે એ વસ્તુઓ આપવામાં આવશે. વધુ વિગત માટે શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ ચલાલા મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩/૯૪૨૮૨૬૧૦૧૪નો સંપર્ક કરવા ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

## શાખાનાં પુષ્પો

આચાર્ય ચાણક્ય એક વખત કંઈક કામ કરી રહ્યા હતા ત્યારે એક મુલાકાતી તેને મળવા માટે આવ્યો. ચાણક્યે પોતાનું કામ પતાવી દીધા પછી સેવકને જે દિવો શરૂ હતો તે ઠારી દઈ બીજો દીવો કરવા કહ્યું. મુલાકાતીને આ વાત સમજાણી નહિ તેથી તેણે આનો ભેદ પૂછયો. જવાબમાં ચાણક્યએ કહ્યું કે, પહેલા હું રાજયનું કામ કરી રહ્યો હતો તેથી ત્યારે જે દિવો શરૂ હતો તેનું તેલ રાજયના ભંડારમાંથી વપરાતું હતું. અત્યારે હું અંગત કામ કરી રહ્યો છું આથી અત્યારે જે દિવો બળે છે તેનું તેલ મારાં અંગત પૈસા માંથી વપરાઈ છે. મારે મારાં અંગત કામ માટે રાજયના ભંડારનો ઉપયોગ કરવો ન જોઈએ તેથી તે દિવો ઠારી બીજો દિવો કરાવ્યો છે.

રજુઆત : શ્રી અર્જુન ગઢિયા
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો

સોડમ : પોતાનાં અંગત કાર્ય માટે દેશની સંપત્તિનો કયારેય ઉપયોગ ન કરવો જોઈએ એ આપણો નાગરિક ધર્મ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની સફળ રજુઆત

## લાઠી : મતિરાળા-કૃષ્ણગઢને જોડતા માર્ગનું ૧૪ કરોડનાં ખર્ચે રીસર્ફેસિંગ કરાશે

### સમગ્ર પંથકના વાહન ચાલકોમાં ખુશીનો માહોલ



લાઠી, તા.૨૧

લાઠી - બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના મતિરાળા, કૃષ્ણગઢ અને વરસડા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ.૧૪ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.વરસડા, મતિરાળા અને કૃષ્ણગઢ ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવર જવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ.૧૪ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, 'લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ - મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂં છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી વરસડા,મતિરાળા, કૃષ્ણગઢ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.'

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

# અમરેલીના ચાંપાથળ મુકામે મેજર બ્રિજની કામગીરીનું ખાતમુહૂર્ત કરતા રાજયમંત્રી કૌશિક વેકરિયા






ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આજરોજ અમરેલી તાલુકાના ચાંપાથળ મુકામે મેજરબ્રીજની કામગીરીનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. અમરેલી જિલ્લા પંચાયત અંતર્ગત કાર્યરત માર્ગ અને મકાન વિભાગ હેઠળ અંદાજે કુલ રૂા. ૯.૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ચાંપાથળથી સાવરકુંડલાને જોડતા હયાત બેઠા પુલની જગ્યાએ નવો મેજરબ્રીજ મંજૂર થતા કનેકિટવીટીમાં વધારો થશે. ઉપરાંત નાગરિકો, વાહન ચાલકોને અવરજવર માટે વધુ સુગમતા રહેશે. અમરેલી તાલુકાના ચાંપાથળ મુકામે મેજરબ્રીજની કામગીરીના ખાતમુહૂર્ત પ્રસંગે અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ, સભ્યઓ, ચાંપાથળ ગામના આગેવાનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.




## યુવા સરપંચે તાલુકા પંચાયતની ગ્રાન્ટમાંથી ૧૦ કેમેરા લગાવ્યા

# બાબરાનું ખાખરીયા ગામ સીસીટીવી કેમેરાથી સજ્જ

**ગ્રામજનોની અવરજવર ધરાવતાં વિસ્તારમાં લાગ્યા કેમેરા**

**માત્ર ૧ હજારની માનવ વસ્તી હોવા છતાં ગામને સુંદર સુવિધા મળી**

**સીસીટીવી કેમેરા લાગવાથી ચોરી સહિતની અસામાજીક પ્રવૃત્તિ પર રોક લાગશે**

**સીસીટીવી કેમેરા સતત કાર્યરત રહે તે જોવાની પણ સરપંચની ખાત્રી**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરા તાલુકા નાના એવા ગામ ખાખરીયામાં યુવા સરપંચ વિપુલભાઈ કાચેલા દ્વારા તાલુકા પંચાયત માં રજૂઆત કરી બે લાખ થી વધુ રકમના પોતાના ગામમાં સીસીટીવી કેમેરા મૂકી દિવસ રાત નજર રાખતી ત્રીજી આંખ ઉભી કરી છે હાલ લગભગ ચોરી સહિતના બનાવો બને છે ત્યારે પોલીસ વિભાગ પણ દરેક લોકોને સીસીટીવી કેમેરા મુકવામા માટે પ્રેરિત કરે છે જેથી કોઈ ઘટના બની હોય તો તેનો ઉકેલ મેળવવા માં મદદ મળી રહે અને કેમેરાના કારણે ઘટના પણ ના બને તેવું પણ બની શકે ત્યારે બાબરા તાલુકાના ૧૦૦૦ જેટલી વસ્તી ધરાવતું નાનુએવું ગામ સીસીટીવી કેમેરાથી સજ્જ

અનુસંધાન પાના ૬ ઉપર

### નીલવડા માર્ગના નાગરિકોની રજુઆત

## બાબરામાં ગૌચર જમીનના નકશા અલગ કરી આપવા માંગ

**મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૧

બાબરાના નીલવડા માર્ગ ઉપર રહેતા કાળુભાઈ બાંભવા સહિતના રહેવસીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે,બાબરા ગામે આશરે ૫૦૦૦ પશુઓ આવેલ છે. કલેકટર દ્વારા હુકમ નં. ૨૩૩ તા. ૨૧/૩/૧૯૫૭ થી બાબરા ગામે ગૌચર નીમ કરવામાં આવેલ છે. પરંતુ નકશામાં ગૌચર અલગ દર્શાવવામાં આવેલ ન હોય જેથી આ જમીનોમાંથી બેફામ ખોદાણ કરી ખનીજ, માટી ચોરી કરવામાં આવેલ છે. તેમજ ગેરકાયદેસર દબાણો કરવામાં આવી રહયા છે. આથી નીમ કરાયેલ ગૌચરની જમીનના ગામ નકશા અલગ કરી આપવા અંતમાં માંગ કરેલ છે.

### રાજયમંત્રી કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં

## અમરેલીમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આવતીકાલે યોજાશે યુનિટી માર્ચ

**સૌ કોઈને યાત્રામાં જોડાવા હાંકલ કરતા ભાજપ પ્રમુખ**



અમરેલી, તા. ૨૧

અખંડ ભારતના શિલ્પી અને ભારતનાં પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની દેશ અને રાજયભરમાં ગૌરવભેર ઉજવણી થઈ રહી છે ત્યારે આગામી તા. ૨૩ નવેમ્બર રવિવારના રોજ અમરેલી જિલ્લામાં આ ઉજવણી અંતર્ગત ''એકતા યાત્રા'' યોજાવાની છે. જેમાં ''એક ભારત, આત્મનિર્ભર ભારત'' સંદેશ જન સામાન્ય સુધી પહોંચે તેમજ લોહ પુરૂષના વિચારોને વધાવવા અમરેલીનાં લોકલાડીલા યુવા ધારાસભ્ય અને રાજય સરકારનાં મંત્રી કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતિમાં યોજાનાર આ ''યુનિટી માર્ચ''માં લોક સભાનાં સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, હીરભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયા સહિત આગેવાનો અને કાર્યકરો જોડાવાના છે. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાનાર આ પદયાત્રા સવારે ૮ વાગ્યે, સરદાર સર્કલ, ચિતલ રોડ અમરેલીથી આરંભ થશે અને શેડુભાર મુકામે પૂર્ણ થશે તો સૌ નાગરિકોને આ ગૌરવપૂર્ણ યાત્રામાં જોડાવા જીલ્લા ભાજત વતી ભાવભર્યુ આમંત્રણ આપું છું. એમ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ જણાવ્યું છે.




### સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે

## લાઠીથી ભુરખીયા સુધીની સાંસદ, ધારાસભ્યની ઉપસ્થિતિમાં ઐતિહાસિક પદયાત્રા યોજાઈ

**એકતાના પ્રતિક સરદાર પટેલનો જયજયકાર કરાયો**



અમરેલી, તા. ૨૧

ભારતના લોહપુરૂષ અને એકતાના પ્રતિક સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિતે લાઠી ખાતે એક અભૂતપૂર્વ, ઐતિહાસિક અને પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદ્યાત્રા માત્ર કાર્યક્રમ પૂરતું ન રહી, પરંતુ રાષ્ટ્રપ્રેમ, એકતા, શિસ્ત અને સામૂહિક શક્તિનું જીવંત પ્રતિક બની રહી હતી. સમગ્ર લાઠી શહેર સહિત બાબરા, દામનગર, ભુરખિયા તથા આસપાસના ગામોના લોકોને આ યાત્રામાં ઉલ્લાસપૂર્વક જોડાતા જોઈ અદભૂત દ્રશ્ય સર્જાયું હતું.

વહીવટીતંત્ર દ્વારા આ યાત્રાનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તાલુકા અને જિલ્લા સ્તરના અધિકારીઓ, વિવિધ વિભાગોના કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સમાજ સેવકો, સ્વયંસેવકો તથા અનેક સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. સરદાર પટેલના વિચારો અને રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનને યાદ કરતાં દરેક ભાગ લેનારની આંખોમાં ગૌરવનો તેજ સ્પષ્ટ દેખાતો હતો.

આ પદયાત્રા લાઠીથી

અનુસંધાન પાના ૬ ઉપર




### જીવનપરામાં રહેતા નાગરિકની રજુઆત

## બાબરામાં સરકારી જમીન ઉપર થયેલ દબાણને દુર કરવા માંગ

**મામલતદારને આવેદન પત્ર પાઠવ્યું**

અમરેલી, તા.૨૧

બાબરાના જીવનપરામાં રહેતા જગદીશભાઈ સુવાણે મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે . બાબરા ગામે ગામથી ઉતર–દક્ષિણ દિશાએ જુનુ તળાવ નામે ઓળખાતી સીમ તરફ કેનાલથી પશ્ચિમ તરફ સર્વે નં. ૭૧૭ની સરકારી પડતર ખરાબાની જમીનમાં અમુક વ્યકિતઓએ દબાણ કરેલ હોય જે દુર કરવા માંગ કરેલ છે.

### ખેડુતોને પ્રતિ મણ ૮૦૦ થી ૧૫૦૦ સુધીનો ભાવ મળે

## અમરેલી જિલ્લાનાં માર્કેટયાર્ડમાં સફેદ સોનારૂપી કપાસની આવક પુષ્કળ આવક

**ખેડુતોને મહેનતનું ફળ મળવાનુ શરૂ**



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં હાલમાં કપાસની બમ્પર આવક નોંધાઈ રહી છે, જેના કારણે જિલ્લામાં ખેતીક્ષેત્રે ખુશીની લહેર જોવા મળી રહી છે. અમરેલી, સાવરકુંડલા, બાબરા સહિતના મુખ્ય માર્કેટયાર્ડોમાં કપાસની આવક મોટા પ્રમાણમાં થઈ રહી છે.

અમરેલી જિલ્લો મુખ્યત્વે ખેતી

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)